# સહજ-સત્સંગ

અંક : ૨૮૧ વર્ષ : ૨૪ તંત્રી : માનસિંહભાઈ ચાવડા મે - ૨૦૧૨





## ઓંકારેશ્વર (અમલેશ્વર)

(નર્મદા (રેવા) તટે ખંડવા પાસે વિંધ્યપર્વતમાં) મધ્યપ્રદેશ



## મા મીરાંબિકા

What people think, do or say is
of little importance.
The only thing that counts is your
relation with the Divine

- The Mother

**પ્રભુ સાથેનો સંબંધ**

ભાવાનુવાદ

લોકો જે કરે ને વદે, તેનું કોઈ મહત્વ નથી,
પ્રભુ સાથેની આત્મિયતા, એજ છે સાચી ગતિ.

**- શ્રી માતાજી**

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૫-૬ ઑગસ્ટ ૧૯૧૪)



અમારી પ્રાર્થના છે કે અમે..... પૃથ્વી ઉપરના તારા તેજોમય પ્રેમરૂપ બની રહીએ..... હે દિવ્યગુરો, મારા આ પૂર્ણ બલિદાનના અર્પણનો સ્વીકાર કર અને એ રીતે તારું કાર્ય સિદ્ધ થાઓ.

આ અગણ્ય અણુઓમાંના પ્રત્યેક અણુમાં અને ચેતનાની સમન્વયરૂપ એકતામાં તું પુનઃ તારો પોતાનો સ્વામી બની રહો અને તારી પોતાની જાતને ફરીથી પ્રાપ્ત કરી લો.

તારા રાજ્યનો તું પુનઃ રાજા બની જા. પૃથ્વીને..... અંધકારમય દુરિચ્છાનો બોજો કચડી રહ્યો છે તેમાંથી તેને મુક્ત કર. (૫-૮-૧૯૧૪)

આ સ્વરૂપમાં હજી પણ મર્યાદિતતાઓ છે. શું તું તેમને તોડી નહિ નાંખે ?

- પૃથ્વીને માટે આ એક ગંભીર પ્રહર છે, જે લોકો સંઘર્ષમાંથી એક વધુ મહાન સંવાદિતા અને..... વિરૂપતામાંથી એક વધુ સુંદરતા ઉત્પન્ન કરવાને માટે પૃથ્વી સાથે તારા માધ્યમ બની શકે તેમ છે..... અમને માર્ગ બતાવ..... અંદરના અવરોધોને તોડી નાખવા માટે, સર્વ વિઘ્નોને પાર કરી જવા માટે અમને શક્તિ આપ.

..... મારી અંગત દુર્બળતાઓમાંથી મને મુક્ત કર.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પૃથ્વીરૂપ માતાજીનો પોકાર) | ૩ |
| **શ્રી અરવિન્દના અગાધ જ્ઞાનનો પરિચય** | ૫ |
| **માતૃવાણી** (સાધના અને જીવન) | ૮ |
| **સાવિત્રી** (ઉત્ક્રાંતિની પા પા પગલી) | ૧૨ |
| **યોગ વિષે પત્રો** (વૈષ્ણવો અને શ્રી અરવિન્દ) | ૧૫ |
| **વેદવિજ્ઞાન** (જગતની સર્જન-પ્રક્રિયા) | ૨૦ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (માયાવાદ અને નિર્વાણ) | ૨૧ |
| **યોગ પર દીપ્તિઓ** (લક્ષ્ય) | ૨૩ |
| **વેદ રહસ્ય** (આર્ય (માનવ) ભાષાનાં ઉદ્‌ગમ-સ્થાનો) | ૨૫ |
| **સાંજના વાર્તાલાપો** (દિલની સચ્ચાઇ (માનવ-પ્રકૃતિનું રૂપાંતર) | ૩૦ |
| **ઉપનિષદોનું અમૃત** (અનાર્ત-વિદ્યા) | ૩૨ |
| **આત્મસિદ્ધિ** (માનવી અને દૈવી-પૂર્ણતા) | ૩૪ |
| **સર્વાંગી આરોગ્ય** (શક્તિ મેળવવાની આંતરિક અને બાહ્ય પદ્ધતિ) | ૩૬ |
| **સુંદર કથાઓ** (મદદગાર બનો) | ૩૯ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (વ્યવહારુ સમસ્યાનો વ્યવહારુ ઉકેલ) | ૪૦ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (પ્રભુપ્રેમ સમજવો મુશ્કેલ છે) | ૪૩ |
| **ચંપકલાલ - શ્રી માતાજીના વાહક** | ૪૬ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૮૧ વર્ષ : ૨૪
મે - ૨૦૧૨



સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**


**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'** ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.


**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# પૃથ્વીરૂપ માતાજીનો પોંકાર

(પૃ.૧૬૦-૧૬૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી પ્રભુને પોતાને 'તેજોમય પ્રેમરૂપ' બનાવી દેવાની પ્રાર્થના કરે છે. 'તેજોમય પ્રેમરૂપ' આ શબ્દ માતાજી ખાસ અર્થમાં વાપરે છે. પ્રેમનું સારતત્ત્વ એકરૂપતા છે અને પ્રિય-વ્યક્તિ માટે સમર્પિત કાર્ય કરવામાં છે. આપણે જગતમાંના બધાં જ વ્યક્તિ-સ્વરૂપો સાથે એકરૂપતાનો અનુભવ કરવો અને એ જ વખતે પ્રભુ આંતરપ્રેરણા આપે તે મુજબ પ્રભુના જ અંશ ભાવને ધારણ કરીને તેમનું નિરપેક્ષ રીતે કાર્ય કરવું એ પ્રેમ છે, તેથી આપણે આવા પ્રેમરૂપ થવા માટે આ બન્ને ક્ષમતા-વિશાળતા અને સર્વ સમાવેશકતા વિકસાવવી પડે છે. આપણી ચેતનાનો ચેતોવિસ્તાર અખિલ બ્રહ્માંડમાં કરવાની આ ક્ષમતા છે.

આ વિશાળતા ધીમે-ધીમે ખાલીપો ન રહેતાં સુવર્ણમય દિવ્ય-પ્રકાશથી છલકાવા માંડે છે. આપણી આ અસીમ ચેતના તેજોમય ચેતના બની જાય છે. આ સ્થિતિ પ્રાપ્ત કર્યા બાદ જ 'તેજોમય પ્રેમરૂપ' બની શકાય છે.

આ સ્થિતિ સિદ્ધ કરતાં પહેલાં આપણી ચેતનાને સંકુચિત કરતો અહંકાર સંપૂર્ણરીતે નામશેષ થઈ જવો જરૂરી છે. એ જ માતાજીનું પૂર્ણ બલિદાન સ્વરૂપ છે. પ્રભુ વિશાળતામાં જ કાર્ય કરે છે, તેથી આવી ચેતનાની અવસ્થામાં જ પ્રભુનું કાર્ય થતું હોય છે.

આપણા શરીરના કોષો હાલમાં અવચેતન અને અચેતનથી શાસિત છે. ત્યાં પ્રભુ હજી રાજા નથી બન્યાં. ઉપર જણાવેલી પ્રકાશમય પ્રેમરૂપ ચેતના આ અવચેતન અને અચેતનનો નાશ કરવા સમર્થ છે, કારણ તે મનના પેલેપારની અતિમનસ ચેતના છે. મન સંકુચિત હોવાથી ભેદબુદ્ધિ રાખે છે. આ ચેતના અસીમ હોવાથી અભેદબુદ્ધિમાં જ જીવે છે.

આવી રીતે વિવિધ શારીરિક-કોષો અને જડ પરમાણુઓ પણ આ અસીમ પ્રકાશમય ચેતનાના અનંત આવિર્ભાવ કેન્દ્રો બની જતાં તે એક એકમ તરીકે વિકસે છે

અને ત્યાં પ્રભુ પોતે શાસક-રાજા બની જાય છે, ત્યારે જ પ્રભુ આ વૈશ્વિક-પાર્થિવ તત્ત્વને બોજારૂપ લાગતા વૈશ્વિક અવચેતન અને અચેતનના બોજામાંથી મુક્ત થઈ શકશે. તેમાંથી જલદી મુક્તિ મળે એવી માતાજી પ્રાર્થના કરે છે.

માતાજી શું બનવું છે તે સ્પષ્ટ જોઇ, અનુભવી શકે છે. પણ તેવી સ્થિતિ માનવ-વંશ પ્રાપ્ત કરી શકતો નથી. તેથી માતાજી પૂછે છે કે તે કઇ ખામીઓ છે જે માનવતાના સમર્પણને પૂર્ણ થવા જ દેતું નથી ?

ધરતી ઉપર આવો કટોકટીનો સમય પસાર થઈ રહ્યો છે. જે લોકો પ્રભુની સંવાદિતા અને સૌંદર્યને ઝીલી શકે છે તેમણે પૃથ્વીના જ અંશ તરીકે તે માટે સભાન અને સમર્પિત વધુ પ્રયત્નો કરવાનાં રહેશે.

માતાજી વિનંતી કરે છે કે પ્રભુ આ માટે અમને શક્તિ આપ. અમારી નબળાઈઓને તોડી નાંખ, અમને રાહ બતાડ.

માતાજી આ બાબતનો ઉછાળો પોતાના સ્વરૂપમાં અનુભવી રહ્યાં છે, કારણ તેમણે પોતેપોતાની ચેતનાને પૃથ્વી સાથે એકાકાર કરી રાખેલી છે. માતાજી જણાવે છે કે પ્રભુ પૃથ્વીરૂપ મારામાંથી બધી નબળાઈઓને હરી લે. તેમને મુક્ત કર, જેથી તેઓ પ્રભુને પ્રગટ કરી શકે.

---

(પૃ. ૧૪ ઉપરથી)

## સાવિત્રી

વિકસે છે પણ તે વિકાસનું બધું રમ્ય રીતે ગોઠવીને જાણે તેનું આંતરિક સત્ય સમજાઈ ગયું એવો ભાસ નિર્માણ કરવામાં આવે છે. પણ ખરેખર તેવી સમજણ જેટલી જણાવે છે તેટલી આવેલી હોતી નથી (lables more than it lights) ઘણી વખત કોઈ નવા સત્યની ઝાંખી થાય છે ત્યારે તે આનંદાતિરેકથી ધ્રૂજવા માંડે છે પણ ખરેખર તે દિવ્યાનંદ તો હોતો જ નથી. (less than bliss) જીવનની સુંદરતાઓ તેને આંખે આવી વળગે છે (invades from all this beauty) પણ અંતે તે સૌંદર્ય શરીરના નાશ સાથે જ મટી જાય છે (that must die)

શારીરિક - ચેતનાનો આ સંઘર્ષ શરૂઆતમાં અતિ દુષ્કર હોય છે અને થોડીક પ્રગતિ માટે તેને લાખો વર્ષો ગુમાવવા પડે છે. ઉત્ક્રાંતિનો વિકાસ આ તબક્કામાં ખૂબ જ ધીમો લાગે છે, નહિવત્ જણાય છે.

# શ્રી અરવિન્દના અગાધ જ્ઞાનનો પરિચય

- જ્યોતિબેન થાનકી

શ્રી અરવિન્દ ખુલ્લામાં ન્હાતા, એની જગ્યાએ ઉપર જ તેમના સ્નાન માટેની વ્યવસ્થા કરવામાં આવી. શ્રી અરવિન્દના ભોજનની વ્યવસ્થાની જવાબદારી શ્રી માતાજીએ પોતે જ ઉઠાવી લીધી. તેમણે શ્રી અરવિન્દ માટે અલગ વ્યવસ્થા કરી. ત્રણ બંગાળી સાધિકાઓને શ્રી અરવિન્દનું ભોજન બનાવવાની જવાબદારી સોંપી; એટલું જ નહીં પણ તેમના માટે શું બનાવવું, કેવી રીતે બનાવવું, એનું માર્ગદર્શન તેઓ પોતે જ સાધિકાઓને આપતાં. શ્રી અરવિન્દ માટેનો સૂપ તો તેઓ પોતે જ બનાવતાં. શ્રી અરવિન્દના ભોજનની થાળી તેઓ જાતે જ શ્રી અરવિન્દના રૂમમાં લઈ જતાં ને તેમને જમાડતાં. આ ક્રમ તો છેક સુધી ચાલુ રહ્યો.

શ્રી અરવિન્દ માટે જરૂરી ફળો ને શાકભાજી તેઓ બૅંગ્લોર અને અન્ય સ્થળોએથી મંગાવતાં. આશ્રમના બગીચામાં પણ તેઓ ફળો ને શાકભાજી ઉગાડતાં અને તેનો ઉપયોગ શ્રી અરવિન્દ માટે કરતાં. શ્રી અરવિન્દના દૂધ માટે તો ગોવાળ આશ્રમના પ્રાંગણમાં ગાય લઈને આવતો અને દોહીને જે તાજું દૂધ આપતો તે શ્રી અરવિન્દને માટે ઉપયોગમાં લેવામાં આવતું. શ્રી અરવિન્દને જ્યારે જે વસ્તુની જરૂર હોય તે તેમને તત્કાળ મળી જાય તેવી વ્યવસ્થા શ્રી માતાજીએ ગોઠવી આપી હતી. શ્રી અરવિન્દને લખવા માટેના જથ્થાબંધ કાગળો તેઓ મંગાવી રાખતાં. આ ઉપરાંત 'મોસ્કીટો ક્રીમ', મચ્છરદાની, અગરબત્તી, બામ, પીપરમીંટ વગેરે જે-જે વસ્તુઓ શ્રી અરવિન્દ વાપરતા એ તમામ શ્રી અરવિન્દને તત્ક્ષણ મળી જાય એની જવાબદારી તેમણે યોગ્ય સાધકોને સોંપી હતી. શ્રી અરવિન્દ રાત્રે અઢી વાગે ગરમ પાણીથી સ્નાન કરતા. તો તે માટે તેમણે શ્રી અંબુભાઈ પુરાણીને આ જવાબદારી સોંપી હતી. તેથી ગરમ પાણી માટે શ્રી અરવિન્દને ક્યારેય એક મિનિટ પણ રાહ જોવી પડેલી ન હતી. આ જ રીતે શ્રી અરવિન્દને કોઈ પણ કામ હોય તો તે માટે શ્રી માતાજીએ શ્રી ચંપકલાલને નિયુક્ત કર્યા હતા. શ્રી ચંપકલાલની સંનિષ્ઠ સેવાને પરિણામે શ્રી અરવિન્દને દિવસે કે રાત્રે પોતાની જરૂરિયાતો માટે ક્યારેય રાહ જોવી પડી ન હતી.

શ્રી માતાજીની આવી કાળજીભરી સંભાળને પરિણામે શ્રી અરવિન્દનું દુર્બળ

શરીર સશક્ત બન્યું અને અતિમનસની શક્તિને ઝીલવા માટે સજ્જ બની શક્યું. એ ઉપરાંત શ્રી અરવિન્દને પોતાની જરૂરિયાતો માટે પણ કોઇ વિચાર કરવો પડતો ન હતો તેમ જ સાધકોની પણ સઘળી બાહ્ય અને આંતરિક જવાબદારી શ્રી માતાજીએ પોતાના હસ્તક લઈ લીધી અને શ્રી અરવિન્દને અતિમનસના અવતરણની સાધના માટે સંપૂર્ણ મુક્ત કરી દીધાં કે જેથી શ્રી અરવિન્દ પોતાનો બધો જ સમય આ મહાન કાર્યમાં આપી શકે. આ વિષે શ્રી અરવિન્દે પોતે કહ્યું હતું કે ''શ્રી માતાજી જે કાર્ય કરે છે તે કાર્ય જો મારે કરવાનું બને તો મારું પોતાનું જે કાર્ય છે તે કરવાનો મને ભાગ્યે જ વખત મળત.'' આમ શ્રી અરવિન્દે ૧૯૨૦ થી ૧૯૫૦ સુધીના ત્રીસ વર્ષના ગાળામાં ઉત્ક્રાંતિમાં મનથી અતિમનસ સુધીનું જે વિરાટ પગલું ભર્યું, એની પાછળની શક્તિ શ્રી માતાજી છે. શ્રી માતાજીએ શ્રી અરવિન્દનાં તમામ બાહ્ય કાર્યો તેમ જ આંતરિક કાર્યો સુદ્ધાં પોતાના હસ્તક લઇ લીધાં. તેના પરિણામે જ પ્રકૃતિની ગતિએ જેને હજાર વર્ષ લાગે એ દિવ્ય માનવજાતિના આગમનની ભૂમિકા શ્રી અરવિન્દ પોતાના જીવનકાળ દરમિયાન જ રચી શક્યા.

**શ્રી અરવિન્દની સાધનામાં સહાય :**

શ્રી માતાજીના આગમન પછી શ્રી અરવિન્દની સાધનામાં વેગ આવ્યો. હવે તેઓ પૂર્ણ સમય સાધનામાં આપી શકતા હતા. શ્રી અરવિન્દની સાધના પ્રકૃતિના રૂપાંતરની સાધના હતી. જડતત્ત્વમાં પરમાત્માના આવિર્ભાવની સાધના હતી. ઉત્ક્રાન્તિ પ્રમાણે પહેલાં જડતત્ત્વ સર્જાયું, પછી પ્રાણતત્ત્વથી સંચાલિત પ્રાણીઓ આવ્યાં અને પછી મનસતત્ત્વ પ્રગટતાં મનની ચેતનાવાળા મનુષ્યો સર્જાયા. અત્યારની આ માનવજાતિ મનની શક્તિથી સંચાલિત છે. મનની શક્તિ અપૂર્ણ હોઇ આ માનવજાતિ અપૂર્ણ છે, મર્યાદિત ચેતનાવાળી છે. હવે ઉત્ક્રાન્તિના નિયમ પ્રમાણે હજારો વર્ષો બાદ મનથી ઉપરની પરમાત્માની પૂર્ણ શક્તિ પ્રગટતાં એ શક્તિથી સંચાલિત દિવ્ય મનુષ્યો - અતિમાનવો જરૂર પ્રગટશે. પણ એ હજારો વર્ષોની લાંબી યાત્રા માનવજાતિએ દુઃખપૂર્ણ રીતે કાપવી પડે. શ્રી અરવિન્દની સાધના એ હતી કે પરમાત્માની પૂર્ણ ચેતના સ્થૂલ ભૂમિકા ઉપર એટલે કે દેહકોષો સુધી ઊતરીને સક્રિય બને, એટલે કે ઉત્ક્રાન્તિનાં હજારો વર્ષો ટૂંકાઇ જાય અને દિવ્ય દેહવાળી, પ્રકાશિત મન અને પરમાત્માની સંકલ્પશક્તિવાળી, બધાં જ દુઃખોથી મુક્ત એવી અતિમાનવજાતિ અસ્તિત્વમાં આવે. શ્રી અરવિન્દ પોતાના મન, પ્રાણ અને દેહની

ભૂમિકામાં પરમાત્માની આ પૂર્ણશક્તિ જેને તેમણે અતિમનસ નામ આપ્યું તેને ઉતારવાની સાધના કરી રહ્યા હતા. આ સાધના તદ્દન જુદા જ પ્રકારની હતી. અત્યાર સુધી આવી સાધના કોઈએ કરી ન હતી. એમાં ઘણી મુશ્કેલીઓ રહેલી હતી. આ મુશ્કેલીઓ વિષે તેમણે એક પત્રમાં લખ્યું હતું કે ''સાધનામાં આ મુશ્કેલી છે એ જો મને પહેલાં બતાવવામાં આવ્યું હોત તો હું સાધના વિષે ઓછો ઉત્સાહી બન્યો હોત, પણ જો મેં સાધના ત્યાં જ મૂકી દીધી હોત તો જે ખરેખરું કાર્ય છે તે થાત જ નહીં. એકવાર સ્થૂલમાં વિજય પ્રાપ્ત કરી શકાય, તો પછી મારા પછી જે લોકો આવશે તેમના માટે આ કાર્ય સહેલું બનશે.'' શ્રી અરવિન્દ ચેતનાના તદ્દન અજાણ્યા પ્રદેશોનું ખેડાણ કરી રહ્યા હતા. તેમાં મન અને પ્રાણની ભૂમિકા ઉપર અતિમનસ ચેતનાનું અવતરણ શક્ય બન્યું. પણ એ સ્થાયી થતું ન હતું. એ ગાળામાં શ્રી માતાજી આવ્યાં, શ્રી અરવિન્દની સાધનામાં જોડાઈ ગયાં. શ્રી અરવિન્દની સાધનાને વેગ મળ્યો. શ્રી અરવિન્દે જણાવ્યું હતું કે જે સાધનાને દશ વર્ષ લાગે તે સાધના શ્રી માતાજીના આગમનને કારણે તેઓ ફક્ત એક જ વર્ષમાં કરી શક્યા.

---

(પૃ. ૧૧ ઉપરથી)

## માતૃવાણી

આંતરમુક્તિ આપે છે. આ આંતરિક-મુક્તિ ચૈતસિક પુરુષની હોય છે. પૃ.૨૦૬

૨૦ સાધકને એક મહાન પ્રકાશ અને બળ તેના મસ્તક ઉપર ઝળુંબતો અનુભવાય છે. પૃ.૨૦૭

૨૧ ઘાતકી અને સ્વાર્થીપણું તેને કહેવાય જેમાં તમે નિર્બળતાનું આંધળું અનુકરણ કરો છો અને બીજાઓને પણ તેમ જ કરાવો છો. તમારા જીવનનો ગંભીર હેતુ શોધી કાઢો. તેને પૂર્ણપણે અને સત્યનિષ્ઠાથી જીવનમાં મૂકવા જાતને તૈયાર કરો. તમારો ચૈત્યપુરુષ મૌનમાં રહી સારું કાર્ય કરવાનું કહે છે. ત્યાં સાચો પ્રેમ અચલ રીતે હાજર હોય છે અને દિવ્ય-ગતિઓને અવરોધક દરેક વસ્તુનો નાશ કરે છે. દિવ્યકાર્યમાં જ સમર્પિત રહેવાથી સાચું સુખ મળે છે. પૃ.૨૦૯

૨૨ પ્રભુકૃપાની મદદનો ઇનકાર કરી મનની દોરવણી નીચે રહેવું જોખમી છે. પ્રભુની કૃપા અને રક્ષણને પુકાર કરો. તેની મદદ કાયમ રહેશે. પ્રભુમાં શ્રદ્ધા રાખી મુશ્કેલીઓનો સામનો કરો. પૃ.૨૧૧

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

## સાધના અને જીવન

(માતૃવાણી - ૧૫) (ચર્ચાના મુદ્દા સંક્ષેપમાં) (પૃ.૧૮૪-૨૧૧)

પ્રકરણ - ૧૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ સાધનામાં અજ્ઞાન, અચિત્ અને અહંકારની મર્યાદાઓની આહુતિ કેટલાક અદ્ભુત ફાયદાઓ લેવા માટે આપવાની હોય છે. પૃ.૧૮૪

૨ તમારું જીવન સત્ય માટેની એક નિરંતર ખોજ બનાવી ઉપયોગી બનાવો તો જ તે જીવવાલાયક બનશે. પૃ.૧૮૪

૩ તમારું જીવન સમગ્ર રીતે કેવળ પરમાત્મા વડે જ શાસિત થાઓ. પૃ.૧૮૪

૪ તમે પ્રભુના બાળક છો. પૃ.૧૮૪

૫ તમારું આંતરિક વલણ અને અભિગમની સચ્ચાઈ ઉપર જીવનની ગુણવત્તાનો આધાર છે. તેમાં પ્રભુ માટેના સમર્પણમાં ઉત્સાહ, સંમતિ, દૃઢ નિશ્ચય હોય છે. પૃ.૧૮૪

૬ બહારના સંજોગોમાં ફેરફાર અંદર વલણમાં ફેરફાર કરવાથી જ આવે છે. પૃ.૧૮૫

૭ ચેતનામાં પરિવર્તન આવવાથી કાર્યોમાં પરિવર્તન આવે છે. પ.૧૮૫

૮ પરિવર્તન નીચે મુજબ લાવવાનું છે : (૧) ધિક્કારનું સંવાદમાં (૨) ઈર્ષાનું ઉદારતામાં (૩) અજ્ઞાનનું જ્ઞાનમાં (૪) અંધકારનું પ્રકાશમાં (૫) જૂઠાણાનું સત્યમાં (૬) યુદ્ધનું શાંતિમાં (૭) ભયનું નિર્ભયતામાં (૮) અચોક્કસાઈનું ચોક્કસાઈમાં (૯) દુષ્ટતાનું શુભમાં (૧૦) શંકાનું શ્રદ્ધામાં (૧૧) ગોટાળાનું વ્યવસ્થામાં (૧૨) પરાજયનું વિજયમાં પૃ.૧૮૫

૯ આને કારણે નીચેના વિરોધાભાસોમાં સમન્વય સધાશે : (૧) મુક્તિ અને વ્યવસ્થા (૨) ભ્રાતૃભાવ અને સ્વતંત્રતા (૩) સમતા અને ક્રમબદ્ધતા (૪) ઐક્ય અને વિવિધતા (૫) વિપુલતા અને અછત (૬) પ્રયત્ન અને આરામ

(૭) શક્તિ અને કરુણા (૮) વિવેક અને ઉદારતા (૯) વ્યય અને લોભ (૧૦) ઉદારતા અને કરકસર. પૃ.૧૮૬

૧૦ પરિવર્તનથી જૂની ચેતનાઓ ખરી પડે છે, સાચું સ્વરૂપ જાગૃત થાય છે આને જ પુનરુસ્થાન કહેવામાં આવે છે.

૧૧ સાચી ચેતનાના જન્મને નવજન્મ પણ કહે છે તેમાં પોતાની અંદર પ્રભુની દિવ્ય હાજરી અનુભવાય છે. પૃ.૧૮૬

૧૨ આ પ્રક્રિયા દરમિયાન બધાં વિઘ્નોને વટાવી જવા એ સાક્ષાત્કારની શક્તિ છે. પૃ.૧૮૬

૧૩ પ્રભુ તમને સર્વદા અંદરથી જોઇ રહ્યો છે, તેથી બધાંનું સારું કરવાનો પ્રયત્ન કરો. પૃ.૧૮૭

૧૪ સારું કર્યા વગરનો દિવસ વ્યર્થ અને આત્માહીન છે. પૃ.૧૮૭

૧૫ તમારી અંદર અને તમારી મારફતે ચેતનાને કામ કરવા દો. બધું જ બરાબર થઈ જશે. પૃ.૧૮૭

૧૬ પ્રભુકૃપાને પ્રાર્થના કરો કે તમે સાચું જ સાચી રીતે અને સાચા સમયે કરો. પૃ.૧૮૭

૧૭ તમને વિવેકથી જે ઉત્તમ લાગે તે જ કરો. પૃ.૧૮૮

૧૮ વિક્ષુબ્ધ ન હોઈએ ત્યારે જ સાચી વસ્તુ કરી શકીએ છીએ. પૃ.૧૮૮

૧૯ સાચું કાર્ય કરવું એટલે સાચી ભાવનાથી કરવું. સાચી રીતે કરવું એટલે સાચી પ્રેરણા વડે કરવું. સાચા સમયે કરવું એટલે પ્રભુના હાજરીની સભાનતા સાથે કરવું. પૃ.૧૮૮

૨૦ સાચી ભાવનાથી દરેક વસ્તુને સ્વીકારશો તો તેને ઉત્તમ બનાવી શકશો. પૃ.૧૮૮

૨૧ સાચી પ્રેરણાથી થતી ગતિઓને સાચી ગતિ કહેવામાં આવે છે.

૨૨ ખોટી ગતિઓનું સાચી ગતિઓમાં પરિવર્તન એ રૂપાંતરની પ્રક્રિયાનો મહત્ત્વનો ભાગ છે.

૨૩ સાચા વલણથી પ્રભુની હાજરીનું ખુલ્લાપણું આવે છે. પૃ.૧૮૯

૨૪ પ્રભુની હાજરી અને પ્રકાશ તમારામાં પ્રસરી રહો જે વૃદ્ધિગત થતાં સુખ તરફ લઈ જાય. પૃ.૧૯૦

## પ્રભુની માનવીને મદદ

૧ જ્યાં સુધી ચૈતસિક ધર્મ જે પ્રભુના સંકલ્પને તમારામાં આવિર્ભાવ કરે છે તે પ્રગટ ન થાય ત્યાં સુધી બુદ્ધિના વિવેકનો અંત આવતો નથી. પૃ.૧૯૦

૨ પ્રભુ સાથેનું તાદાત્મ્ય જ વિરોધી સૂચનોનો ઈન્કાર કરવાની ક્ષમતા આપે છે. પૃ.૧૯૦

૩ પ્રભુની ચેતના સાથેનું ઐક્ય જ તમારામાં સાચું સમગ્ર ડહાપણ પ્રગટ કરશે. પૃ.૧૯૧

૪ અચિત્‌માં કાર્ય કરતો પ્રભુનો સંકલ્પ પણ સર્વસમર્થ હોય છે. તે પણ તમને મદદ કરતો હોય છે. પૃ.૧૯૧

## પરમ-પ્રભુ

૧ પ્રભુની કરુણાનો ખ્યાલ ગ્રીક દંતકથાઓમાં દેખાતો નથી. તે ક્રિશ્ચિયન ધર્મમાં ઉદય પામ્યો છે. એશિઆમાં તો તે તત્ત્વ વૈદિકકાળથી છે અને બુદ્ધના બોધનું તે સારતત્ત્વ છે. પૃ.૧૯૧

૨ વૈશ્વિક પ્રભુ, વિશ્વરૂપ પ્રભુ પોતાની લીલાની જરૂરિયાતોને લીધે મર્યાદિત છે તેથી મર્યાદાઓથી પૂર્ણ રીતે મુક્ત થવા માણસે પરાત્પર પ્રભુ સુધી પહોંચવું પડે છે. પૃ.૧૯૨

૩ સર્વ માનવચેતનાથી ઊર્ધ્વમાં રહેલી આ ચેતના તમારા કર્મો ઉપર પ્રભાવ પાડી શકે છે.

## સામાન્ય

૧ માનસિક જિજ્ઞાસાને અમર્યાદ લઇ જવાથી તે અજ્ઞેયવાદ તરફ લઇ જાય છે, તેથી તેને કાબૂમાં રાખો. પૃ.૧૯૪

૨ શારીરિક જિજ્ઞાસાનો હેતુ જેટલો ઉચ્ચ તેટલું તેનું મૂલ્ય ઊંચું. પૃ.૧૯૪

૩ દાન કરતી વખતે બધાની જરૂરિયાતોનું ધ્યાન રાખવું જરૂરી છે. પૃ.૧૯૫

૪ નિસ્વાર્થતા એટલે ઊંડાણભરેલું ખુલ્લાપણું જે કોઈનો ઈન્કાર કરતી નથી. પૃ.૧૯૫

૫ વિશ્વપ્રકૃતિ અશુદ્ધ જ છે. જેટલા પ્રમાણમાં આપણે રૂપાંતર પામશું તેટલા પ્રમાણમાં તેના પ્રભાવથી મુક્ત રહી શકશું.

૬ પ્રભુ મન કરતાં હૃદય મારફત વધુ સરળતાથી કાર્ય કરી શકે છે. પૃ.૧૯૬

૭ બાહ્ય પ્રકૃતિને સ્થિર અને પ્રશાંત કરી પ્રભુ તરફ વાળો. પૃ.૧૯૬
૮ તમારામાં ચૈતસિક વલણ પૂર્ણ રીતે વિકાસ પામો અને તમારી અભીપ્સિત વસ્તુ જાતે જ તમારી પાસે આવશે. પૃ.૧૯૮
૯ દરેકને પોતાની મુશ્કેલીઓ હોય છે અને તેમને તેમાંથી બહાર કાઢવા હું અહીં છું. પૃ.૧૯૯
૧૦ માણસે પ્રભુની સેવા કરવાનું પોતાની રીતે નહિ પરંતુ પ્રભુની રીતે શીખવું જોઇએ. પૃ.૧૯૯
૧૧ નિર્ણય લેવા માટે વસ્તુને મુલતવી રાખો અને અંતરમાંથી માતાજી પાસે મૂકો. કુદરતી રીતે જ ઉકેલ આવી જશે. પૃ.૧૯૯
૧૨ પૃથ્વી ઉપર જીવન ધારણ કરવું એટલે જ પૃથ્વી ઉપરનાં ઉપલબ્ધ સંજોગોનો ઉપયોગ કરવો. પૃ.૨૦૦
૧૩ આંતરિક દુશ્મનોથી સચેત બનો અને તેમને બહાર ફેંકી દો. પૃ.૨૦૨
૧૪ જે લોકો પ્રેરણા સ્વીકારવાની રીત જાણે છે તેમના માટે તે વિવિધ ભેટો લઇને હાજર થાય છે. પૃ.૨૦૩
૧૫ શ્રી અરવિન્દનો બોધ ઊર્ધ્વત્તર મનના પ્રદેશમાં વૈશ્વિક અને અમર્ત્ય છે. પૃ.૨૦૩
૧૬ મૌનમાં એકાગ્ર થાઓ. વધુ સ્પટતાથી ગ્રહણ કરતા શીખશો. પૃ.૨૦૩
૧૭ આધ્યાત્મિક અનુભૂતિ વડે જ શંકાનું સમાધાન થઇ શકે છે. પૃ.૨૦૪
૧૮ પૃથ્વી સાથે વ્યક્તિનો વ્યવહાર ટકાવી રાખે છે તે ફક્ત પ્રાણમય કામનાઓ જ નથી. તે વધુ ઊંડી જરૂરિયાત છે. ચેતનાની ઉન્નતિથી જ પૃથ્વી સાથેની હાલની બંધનકારક સાંકળ તોડી શકાય છે તેમ છતાં વ્યક્તિગત અસ્તિત્વ તો રહે જ છે. તે એક સૂક્ષ્મ અવસ્થા હશે, જેમાં પ્રકાશ અને સત્ય ભળેલાં હશે. માનવજીવનનાં અસંખ્ય યુગો આની જ પૂર્વતૈયારીરૂપ હતાં. તેના વાસ્તવિક સાક્ષાત્કારનો સમય આવી પહોંચ્યો છે.

આ વિશ્વ તેની બાહ્ય અભિવ્યક્તિમાં બહુ સફળ થયેલ નથી. આપણે તેના ભાગરૂપે છીએ. તેને પૂર્ણ બનાવવાનું એક જ કાર્ય આપણે કરવાનું છે. પૃ.૨૦૪-૨૦૬
૧૯ સામૂહિક સૂચનો અને સામાજિક નિયમોમાંથી મુક્તિ એક આંશિક

(પૃ.૭ ઉપર)

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## ઉત્ક્રાંતિની પા પા પગલી

પ્રકરણ - ૧૧૬

(Savitri, B-1, C-4, P. 50)

Only it hears, sole echo of its call,
The dim reply in man's unknowing heart
And meets, not understanding why it came
Or for what reason is the suffering here,
God's sanction to the paradox of life
And the riddle of the Immortal's birth in Time.

અભીપ્સાનો પોકાર જ્યારે પેલા અચેતનથી પ્રભાવિત મન, પ્રાણથી પણ ઊર્ધ્વમાં ચડે છે, ત્યારે તેને તેનો જવાબ સંભળાતો નથી; પણ પોતાનો જ પોકાર પડઘાતો સંભળાય છે. જાણે તે પોકારનો જવાબ જ મળી નથી રહ્યો એવું તેને લાગે છે, કારણ તેનાં મન, પ્રાણ એટલા તમોગ્રસ્ત હોય છે કે ખૂબ જ ધીમો, શાંત, સ્વસ્થ પણ સ્પષ્ટ એવો પ્રભુનો અવાજ તેનાં શુદ્ધ ચિત્તમાં નિર્માણ થતો હોય છે, છતાં તેનું તે તરફ વ્યગ્રતા અને અશાંત ચિત્તને કારણે ધ્યાન જ જતું નથી. આ જે શુદ્ધ ચિત્ત હોય છે, તેના અસ્તિત્વની પણ માનવને જાણ હોતી નથી, કારણ તેને તો તેની ઉપર છવાઈ રહેલ અશાંત, ઉદ્‌વિગ્નિ, ચંચળ, અસ્વસ્થ, હવાતિયાં ભરતાં ચિત્તની જ ખબર હોય છે. તેની નીચે શાંત, નિર્મળ સરોવર જેવા દિવ્ય-હૃદયની ખબર જ હોતી નથી. તેને કારણે તેને જીવનનાં કોયડાનાં નીચેના પ્રશ્નો વણઉકેલ્યા જ રહે છે. તે પોતે આ જગતમાં શા માટે આવ્યો છે ? અહીં આ ભૌતિક જીવનમાં આટલાં દુઃખો અને યાતના શા માટે છે ? આ

જીવનનાં વિરોધાભાસી પ્રગટીકરણને પ્રભુ શા માટે આધાર આપી ટકાવી રહ્યો છે ? અમર સનાતન, કાલાતીત આત્મ-તત્ત્વે આ મરણીશીલ શરીરમાં દાખલ થઈ સમયમાં મર્યાદિત જીવન શા માટે સ્વીકાર્યું છે ?

આ કોયડાથી ઘેરાયેલો માનવ પછી પોતાના અર્ધપ્રકાશિત બુદ્ધિના શરણે જઈ પોતાની સમજણ પ્રમાણે જીવન જીવવા માંડે છે.

Along a path of aeons serpentine
In the coiled blackness of her nescient course
The Earth-Goddess toils across the sands of Time.

અને તેથી તેની જીવન-પદ્ધતિ ચેતનાના, આત્માના વિકાસમાં અનંત અવરોધો પોતાની અણસમજને કારણે નિર્માણ કરી બેસે છે. તેથી પાર્થિવ ચેતનાને (Earth - Goodess) ખૂબ જ પરિશ્રમપૂર્વક (toils) પોતાનો જીવન માર્ગ ક્ષણે ક્ષણે કંડારીને (Across the sands of Time) પા પા પગલી ભરવી પડે છે. તેનાં વિકાસનો માર્ગ વાંકોચૂંકો છે (Serpentine) ભૂલો કરી આડમાર્ગે ચડી જાય છે. પાછી ભૂલ સુધારીને યોગ્ય માર્ગે વળે છે. ત્યાં કોઈ ફરી નવી ભૂલ કરી બેસે છે અને ફરી સુધારે છે. આ વક્રાકાર ગતિનો વિકાસ સાધવા પાર્થિવ-ચેતનાને ખૂબ જ પરિશ્રમ કરવો પડે છે, સંઘર્ષ ખેલવો પડે છે. દુઃખ અને યાતનામાંથી પસાર થવું પડે છે. વધારામાં આ માર્ગ અખૂટ છે, અમર્યાદ છે (aeons) અનંત જન્મો પણ આ માર્ગ ટૂંકાવવા ઓછા પડે છે. સહુથી કપરી વાત તો એ છે કે આ માર્ગમાં કોઈ સાથી નથી (alone) ખરેખર તો પ્રભુ સાથે જ પરિશ્રમ કરતાં હોય છે પણ તે અપ્રગટ અને પડદા પાછળ રહીને દોરતા હોવાથી સાધકને એકલતા લાગે છે. આ માર્ગમાં સહુથી કપરું ચઢાણ તો અચેતના પ્રદેશનું છે (nescient course) તે દુર્ગમ છે. અંધકારમય છે (blakness) વળી આ અજ્ઞાનનો અહંકાર જન્મોજન્મથી ભેગો થઈને ત્યાં ઊંડાં મૂળિયાં નાખી ઠરીઠામ થઈ ગયો છે (coiled).

A Being is in her whom she hopes to know,
A Word speaks to her heart she cannot hear,
A Fate compels whose form she cannot see.

આ પાર્થિવ - ચેતના શું શોધતી હોય છે ? તે પોતાની અંદર ધરબાએલા

આત્માના સ્વરૂપને (Being) શોધવા મથી રહી હોય છે. તેનાં હ્રદયમાં જે અભીપ્સા જાગતી હોય છે (A word speaks to her heart) પરંતુ તે પાર્થિવ ચેતના તેને સમજી શકતી નથી. તેનો અર્થ પકડી શકતી નથી (cannot hear) તેની નિયતિ તેને પરાણે એક નિશ્ચિત પ્રગતિના માર્ગે ધકેલતી જાય છે (A Fate compels) પણ આ ધકેલનાર નિયતિનું સ્વરૂપ તેને દેખાતું નથી (cannot see)

In her unconscious orbit through the Void
Out of her mindless depths she strives to rise,
A perilous life her gain, a struggling joy;
A Thought that can conceive but hardly knows
Arises slowly in her and creates
The idea, the speech that labels more than it lights;
A trembling gladness that is less than bliss
Invades from all this beauty that must die.

આ સર્પાકાર કુંડલિની ગતિથી ઉપર ઊઠતી પાર્થિવ ચેતના શરૂઆતમાં તો અભાન રીતે જ યંત્રવત્ મથતી હોય છે અને તેથી દિશા ન સૂઝવાથી ઘાંચીના બેલની જેમ ત્યાંને ત્યાં પ્રદક્ષિણા ફરતી હોય છે (unconscious orbit) તે વખતે સર્વત્ર અચેતનનો જ શૂનકાર અનુભવાય છે (Void) તે વખતે મનનો વિકાસ થએલો હોતો નથી, કારણ મનોવિકાસના ઘણા ઘણા કાળ પહેલાની આ અતિપ્રાથમિક અવસ્થા હોય છે. તેથી તે જાણે મન વગરની સ્થિતિ (mindless) લાગે છે. પણ તેવી સ્થિતિમાં પણ પાર્થિવ ચેતના પોતે અચેતનને ભાંગી સચેતન થવાનો પોતાનો પ્રયત્ન જારી રાખે છે (She strives to rise) અને તેના પરિણામ સ્વરૂપે તેને જે જીવન પ્રાપ્ત થાય છે, તે તો અનેક સંકટોથી ઘેરાએલું (perilous life) જીવનનો ક્ષણિક આનંદ મળે છે પણ તે પણ બે સંઘર્ષોની વચગાળાનો (struggling Joy) અથવા આનંદને ટકાવવા પણ લાંબો સંઘર્ષ જ વેઠવો પડે છે. તેને અનુભવથી જીવન વિષેની આછેરી કલ્પના આવે છે પણ છતાં તે જીવનને સમજી શકતી નથી (conceive but hardly knows) ધીમે ધીમે પાર્થિવ ચેતનાનો વિકાસ થતાં તેમાં કલ્પના અને તેની અભિવ્યક્તિરૂપ ભાષા

(પૃ.૪ ઉપર)

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## પૂર્ણયોગ અને બીજા માર્ગો

(ભા.-૧, પૃ.૮૮-૧૦૮)

## વૈષ્ણવો અને શ્રી અરવિન્દ

અવતરણો

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ પ્રભુ પ્રત્યેના અભિગમમાં (માનવ) સાક્ષાત્કારના એક પાસાને વધારે ચડિયાતું બનાવે છે. પૃ.૮૮

૨ સર્વ અસ્તિત્વના મૂળમાં પરાત્પર આનંદ રહેલો છે. પૃ.૮૮

૩ વિશ્વમય ચેતના મારફતે પ્રકાશિત પરાત્પરમાં પણ પહોંચી શકાય છે. તૈતરિય ઉપનિષદમાં..... પરમ આનંદનો સંદેશ આપેલ છે. તેમાં આ માર્ગનું વર્ણન છે. પૃ.૮૮

૪ બધા જ માર્ગો તે જ પરાત્પર તત્ત્વ તરફ પહોંચે છે. પૃ.૮૮

૫ કોઈ પાસાંની તીવ્ર અનુભૂતિને..... મનોમય ચેતના પરાત્પર વસ્તુ તરીકે જાહેર કરે છે. પૃ.૮૯

૬ અતિમનસ ચેતનાનું..... આ એકતાનું વલણ એ મુખ્ય પાયો છે. પૃ.૮૯

૭ લાગણીનો આવેગ વ્યક્તિ વૈશ્વિક બનતી જાય છે તેમ ટકાવી રાખે છે. પૃ.૯૦

૮ ગીતાના લેખક માટે કૃષ્ણ જ્ઞાન, શક્તિનું મૂળ સ્રોત છે. તે એકમાં જ પ્રેમી, વિનાશક, પોષક, સર્જક છે. પૃ.૯૧

૯ કૃષ્ણનું એક આત્મા-શરીર એ શાશ્વતરૂપ છે. પૃ.૯૧

૧૦ સાચી લીલા તો બીજી જગાએ છે..... એક શાશ્વત વૃંદાવનમાં. પૃ.૯૨

૧૧ પૃથ્વી ઉપર કામચલાઉ સ્વર્ગનો ખ્યાલ પુરાણોમાં આવેલો છે. પૃ.૯૨

૧૨ માનવની પ્રાણમય-ચેતના કાયમ બે ધ્રુવો વચ્ચે ફરતી રહી છે. એક

સામાન્ય પ્રાણમય જીવન, બીજો સંન્યાસનો ઉકેલ. પૃ.૯૪

૧૩ આ ઐક્યનો પ્રથમ તો આંતર-ચૈતસિક-આધ્યાત્મિક સાક્ષાત્કાર કરવાનો છે (તેમાં) હું પ્રાણના રૂપાંતરની જરૂરિયાત જોઉં છું. પૃ.૯૫

૧૪ વૈષ્ણવભક્તિમાં માનવપ્રેમને પ્રભુપ્રેમ તરફ વાળવાનો પ્રયત્ન થયો છે..... તેમ છતાં તેમની નબળાઈ તો ત્યાં રહી જ છે. પૃ.૯૫

૧૫ શારીરિક ભૂમિકા ઉપર પૂર્ણ આવિર્ભાવને માટે અતિમાનસ આવશ્યક છે. પૃ.૯૬

૧૬ પ્રાણને બે કારણોસર રૂપાંતરનો ભય લાગે છે : પ્રથમ, તે કામનાઓથી ભરપૂર છે અને રસપૂર્ણ અનુભવો લે છે. તેમાંથી અટકી જવું પડશે. બીજું, મનની ગેરસમજ કે દિવ્યપ્રકૃતિ ઠંડી, શુષ્ક, સખત, એકાકી છે તેમાં પ્રાણમય જીવન નથી. પૃ.૯૯

૧૭ હું પાર્થિવ-સાક્ષાત્કારની શોધમાં છું. પૃ.૧૦૦

૧૮ અતિમનસ પરિવર્તનથી કોષો, નાડીઓ, પ્રાણિક બળો, મનોમયશક્તિઓ સહસ્રગણા આનંદથી પરિપૂર્ણ બની શકે. પૃ.૧૦૧

૧૯ પરમાત્મા અનંત છે તેથી સત્ય પ્રગટ કરવાની પ્રક્રિયા પણ અનંત છે (તેથી વૈદિક ઋષિઓની ભૂતકાળની અનુભૂતિઓની મર્યાદા શા માટે સ્વીકારવી?) પૃ.૧૦૩

૨૦ જે વ્યક્તિએ આધ્યાત્મિક સાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો નથી તેને કદી પણ અતિમનસ સાક્ષાત્કાર થઈ શકે નહિ. પૃ.૧૦૪

૨૧ તમે બે ભૂલ કરો છો - પ્રથમ, વ્યક્તિગત યોગસિદ્ધિ તે પ્રકૃતિનો ધર્મ બનતો નથી. બીજું, અતિમાનસ રૂપાંતર અને આધ્યાત્મિક મનોમય રૂપાંતર બન્ને એક નથી. પૃ.૧૦૫

૨૨ પરમહંસ એ ખાસ પ્રકારની સાક્ષાત્કારની કક્ષા છે. પૃ.૧૦૬

૨૩ મેં આ યોગને 'નવીન' કહ્યો છે, કારણ તેનું લક્ષ્ય આ જગતમાં જ પ્રભુની સર્વાંગી સાક્ષાત્કારનો છે. પૃ.૧૦૭

૨૪ પ્રાચીન યોગોને અર્થહીન કહીને નિંદા કરવી તે ખુલ્લેઆમ મૂર્ખાઈભર્યું છે. પૃ.૧૦૮

માનવી-સ્વભાવ છે કે જે વસ્તુ તેના ઉપર તીવ્રતાથી પરિણામ કરે તેને તે મહત્ત્વ આપે છે. પરમાત્માના અનંત પાસાં છે. જેને જે પાસાંનો અનુભવ આવ્યો તેણે તેને જ પરાત્પરનો સમગ્ર, મૂળભૂત સ્વભાવ ગણ્યો.

વૈષ્ણવોએ પ્રભુમિલનના આનંદને જ અંતિમ દિવ્યતત્ત્વનો સ્વભાવ ગણાવ્યો પણ આનંદતત્ત્વ તો અસ્તિત્વ માત્રમાં રહેલું છે. તૈતરિય ઉપનિષદે જણાવેલ છે કે વૈશ્વિક-ચેતનામાં પ્રવેશ્યા સિવાય અખંડ, અક્ષય આનંદ પ્રાપ્ત કરવો શક્ય નથી.

ખરેખર તો બધા જ યોગમાર્ગો પરાત્પર-તત્ત્વમાં જઈને જ મળે છે પણ તેમના ભિન્ન ભિન્ન પાસાંઓમાં. તેથી જ અધ્યાત્મમાં વિવિધ સંપ્રદાયો રચાયાં છે.

પ્રભુના સર્વ જ પાસાંઓને એકીસાથે અનુભવવા શક્ય છે અને તે ફક્ત અતિમનસ કક્ષાએ જ શક્ય છે, કારણ ત્યાં વિસંવાદ કે વિરોધ નથી. મનને વિરોધી લાગતાં પાસાંઓ પણ પ્રભુએ ધારણ કરી રાખેલાં છે. દા.ત. પ્રેમ તરીકે અને વિનાશક તરીકેનાં પાસાં, મનથી અતીત ગયા સિવાય વિરોધ શમતો નથી.

બીજું, વૈષ્ણવો મિલનના તીવ્ર આનંદને જ સર્વ શ્રેષ્ઠ ગણે છે પણ તે આનંદની તીવ્રતા તેઓ સદાકાળ ટકાવી શકતા નથી, કારણ તેઓ વૈશ્વિક-ચેતનામાં પ્રવેશેલા હોતા નથી. ફક્ત વૈશ્વિક-ચેતનામાં જ ભાવનાત્મક-તીવ્રતા ટકાવી રાખવાની ક્ષમતા છે.

રૂપાંતરની પ્રક્રિયામાં આ વસ્તુ પણ પોતાની મેળે સિદ્ધ થાય છે, કારણ તેમાં આધ્યાત્મિક-રૂપાંતરની પ્રક્રિયામાં વિશ્વ-ચેતનામાં પ્રવેશવું જ પડે છે.

ભગવાન વ્યાસની દૃષ્ટિએ શ્રીકૃષ્ણ જેમ વૈષ્ણવો સમજે છે તેમ પ્રેમી જ નહોતા પણ તેઓ જ્ઞાન અને શક્તિના સ્રોત હતા. તેઓ બ્રહ્મા(સર્જક), વિષ્ણુ(પોષક), વિનાશક (રુદ્ર) પણ હતાં. વૈષ્ણવો શ્રીકૃષ્ણને ચિન્મય શાશ્વત શરીર માને છે અને તે નિત્યવૃંદાવનમાં રાસલીલા પણ નિત્ય કરે છે. આ બધી ચૈતસિક-શ્રદ્ધાઓ છે અને આંતરિક અનુભૂતિઓ પણ. શ્રી અરવિન્દ તો આ ભૌતિક જગતમાં આ સાક્ષાત્કારોને લાવવા માંગે છે. તેમને ભૌતિક કક્ષાએ પ્રભુનો સાક્ષાત્કાર કરવાનો છે, ફક્ત આંતરિક અને ચૈતસિક નહિ.

પુરાણોમાં વિશ્વામિત્રે કામચલાઉ સ્વર્ગ પૃથ્વી ઉપર નિર્માણ કરવાનો પ્રયત્ન પોતાના મિત્ર ત્રિશંકુ માટે કરેલો એવા ઉલ્લેખો છે. પણ તેને કોઈ નક્કર આધાર નથી. તેમ જ યુધિષ્ઠિર સદેહે સ્વર્ગે ગએલા એવો પણ ઉલ્લેખ છે. તેની સ્થિતિ પણ ઉપર મુજબની જ છે.

વૈષ્ણવોનો પ્રાણ આધ્યાત્મિક જીવનમાં પણ પોતાની નિમ્ન-ગતિઓના સંતોષનો આગ્રહ રાખે છે. તેથી જ વૈષ્ણવ પંથમાં પ્રભુ પ્રેમમાં વિરહ, રુસણાં, ઝગડાં, અબોલા, બધાંનો જ સમાવેશ કરવામાં આવેલો છે. ખરેખર તો માનવી-પ્રેમને પ્રભુ તરફ વાળવાનો આ પ્રયત્ન છે, જેથી અધમતાઓ ધીમે ધીમે છૂટી જાય.

પ્રાણ કાયમ અતિરેકી ભૂમિકાઓ લે છે. તેમાં જ તેને તીવ્ર સંવેદનાઓનો આનંદ મળે છે. તે સામાન્ય પ્રાણમય જીવનના ભોગવિલાસ માંગે છે. તે ના પાડીએ તો સંન્યાસ અને તપસ્વીનો માર્ગ ધારણ કરે છે, જેમાં કોઇ ભોગ-વિલાસને સ્થાન નથી. વૈષ્ણવો આ બે પરસ્પર-વિરોધી વૃત્તિઓનો સમન્વય કરી શકેલા નથી. ફક્ત અતિમનસમાં જ આવી સમતુલા રાખવાની ક્ષમતા છે.

શ્રી અરવિન્દે પણ અતિમનસના સાક્ષાત્કાર પહેલાં આધ્યાત્મિક ચેતનાને પ્રાણ સાથે ગોઠવવા પ્રયત્ન કરેલો પણ તે સમતુલા ક્ષણજીવી રહે છે એવો તેમને અનુભવ આવેલો.

તેથી જ શ્રી અરવિન્દ પ્રાણના રૂપાંતરનો પણ આગ્રહ રાખે છે.

રામકૃષ્ણ પરમહંસે પણ શરીરના રૂપાંતરનો પ્રયત્ન કરેલો નથી. કેશવચંદ્ર મૃત્યુ સૈય્યા ઉપર હતા ત્યારે તેમણે એક વિધાન કરેલું કે આધ્યાત્મિક અનુભૂતિઓ શરીરને ક્ષીણ બનાવે છે. આનો અર્થ એ કે શરીરનું રૂપાંતર શક્ય નથી.

વૈષ્ણવો તેથી રૂપાંતરના પ્રશ્નને અડતા જ નથી. તેઓ આંતરિક-અનુભૂતિઓમાં જ સમાધાન માને છે. તેના બે કારણો છે : (૧) પ્રાણ પોતાના સુખદુઃખોમાં જ આસક્ત હોય છે. તેને એમ લાગે છે કે તેનું રૂપાંતર થતા તે પોતાનો આ આનંદ ખોઇ બેસશે. (૨) મનની ગેરસમજ છે કે દિવ્ય-પ્રકૃતિ ઠંડી, શુષ્ક, ભાવવિહીન અને સખત હોય છે, તેથી પ્રાણને તેવી દિવ્ય-પ્રકૃતિ પસંદ નથી.

અધ્યાત્મમાં તમે જેમ જેમ ઊંચે ચડો તેમ તેમ તમારે તે તત્ત્વને વધારે ને વધારે નીચે ઉતારી લાવવું પડે છે. ઊર્ધ્વમાંના આનંદોને તમે તમારા મન, પ્રાણ, શરીરમાં ઉતારી લાવો છો. તમે પ્રભુની હાજરી અને પ્રેમ તમારા કોષેકોષમાં અનુભવી શકો છો.

ચૈતન્ય મહાપ્રભુ એ પ્રેમ અને આનંદને પ્રાણમાં ઉતારી લાવેલાં. તે અતિમાનસિકરણનો પ્રકાર નહોતો. રાધાની અનુભૂતિને (દિવ્યપ્રેમને) તેઓ સર્વશ્રેષ્ઠ માનતા. તે પણ રૂપાંતરિત અનુભવ નહોતો. અતિમનસમાં બધાં જ પાસાં સાથે સાથે સમન્વયમાં પ્રગટ થાય છે.

પ્રાચીન ઋષિઓને અર્થહીન ગણવા એ તો નરી મૂર્ખાઇ છે પણ તેમના સાક્ષાત્કારોની મર્યાદાથી ઉપર ઉઠાય જ નહિ. એવી માન્યતા પણ મૂર્ખાઇ છે. વળી પ્રભુ અનંત સ્વરૂપ છે અને તેની આવિર્ભાવ-પ્રક્રિયા પણ અનંત સ્વરૂપ છે. તેથી પ્રાચીન ઋષિઓએ બધી જ શક્યતાઓ અનુભવેલી એમ કહેવું પણ યોગ્ય નથી. આપણે અધ્યાત્મમાં નવા આયામો ઉમેરી શકીએ છીએ.

શ્રીકૃષ્ણે કે રામકૃષ્ણ પરમહંસે કોઇ વખત શારીરિક-રૂપાંતરનો પ્રયત્ન કરેલો હોય એવા પુરાવા નથી. તેમને નવીન જાતિ અને ઉત્ક્રાંતિ વિષેનો ખ્યાલ હતો તેવા પણ પુરાવા નથી.

રૂપાંતરના ત્રણ તબક્કા છે - ચૈતસિક, આધ્યાત્મિક અને અતિમાનસિક અને આ રૂપાંતરમાં તે ક્રમશઃ વ્યક્તિ - વિશ્વ - વિશ્વાતીત ચેતનામાં પ્રવેશે છે અને ચેતનાને અને પ્રકૃતિને દિવ્ય કરતો જાય છે. દિવ્ય પ્રજ્ઞાપૂર્ણ થવું (gnostic) તે જ અતિમનસ રૂપાંતરનું હાર્દ છે.

વળી સિદ્ધિઓ મેળવવી તેમાં પણ તફાવત છે. વ્યક્તિગત સિદ્ધિ અનેક લોકોએ મેળવી છે પણ તેને વિશ્વકૃતિનો કાયમી ધર્મ તરીકે સ્થાપિત કરવો એ વસ્તુ તદ્દન અલગ છે. બીજું, અતિમનસ-રૂપાંતર અને આધ્યાત્મિક મનોમય-રૂપાંતર વચ્ચે મોટો તફાવત છે. આધ્યાત્મિક મનોમય-રૂપાંતરમાં મન અતિમનસનો આધ્યાત્મિક પ્રભાવ માત્ર સ્વીકારે છે, જ્યારે અતિમનસ રૂપાંતરમાં તો તે અતિમનસ તત્ત્વ જ બની જાય છે.

અધ્યાત્મનો પ્રદેશ ઘણો વિશાળ છે. ઊર્ધ્વમનથી શરૂઆત થઇ અતિમનસ સુધીનો પ્રદેશ આધ્યાત્મિક ચેતનાનો પ્રદેશ કહેવામાં આવે છે. તેમાંનું કોઇપણ તત્ત્વ ધારણ કરનાર વ્યક્તિને આધ્યાત્મિક કહેવાય છે. દા.ત. શ્રીકૃષ્ણે અધિમનસને, રામકૃષ્ણે અન્તઃપ્રેરણાત્મક મનને, ચૈતન્યે ચૈતસિક મનને, બુદ્ધે પ્રકાશમય મનને ધારણ કરેલાં હતાં.

પરમહંસ સાક્ષાત્કારની એક કક્ષા છે. તેના નીચે અને ઉપર પણ સાક્ષાત્કારો છે. પરમહંસ એટલે અતિમનસ નહિ. ભૂતકાળમાં કોઇએ બાહ્યપ્રકૃતિનું રૂપાંતર કરવાનો પ્રયત્ન કરેલો એવો પુરાવો નથી. શ્રી અરવિન્દ પોતાના યોગને 'નવીન' કહે છે, કારણ તેમના યોગનું લક્ષ્ય તદ્દન જુદું છે. તેમાં પ્રભુને ભૌતિક-જીવન દ્વારા પ્રગટ કરવાનાં છે. બાકીના યોગોનો અંત એ આપણો પ્રારંભ છે.

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## આખ્યાન રહસ્ય
## જગતની સર્જન-પ્રક્રિયા

પ્રકરણ - ૧૯

કશ્યપ અને અદિતિના પુત્ર સૂર્ય. તેમની પત્ની સરણ્યુ અર્થાત્ ત્વષ્ટાની પુત્રી. તેમને બે બાળકો જન્મ્યાં- યમ અને યમી.

સૂર્યના તાપથી કંટાળી સરણ્યુએ પોતાની છાયામૂર્તિ તૈયાર કરીને પોતાની જગ્યાએ ગોઠવી પોતે ઘોડીનું રૂપ લઇ કુરુમંગલના જંગલમાં જઇ વસી.

સૂર્ય અને છાયાથી શનિ જન્મ્યા તે પછી મનુ.

સૂર્યને છાયા બાબત શંકા ગઇ, ધમકાવી, સત્ય સામે આવી ગયું. સૂર્યે દિવ્ય-જ્ઞાનથી જોયું. સરણ્યુ ક્યાં છે અને જાણીને ઘોડો બની સરણ્યુ પાસે પહોંચ્યા. સરણ્યુએ પતિને ઓળખી લીધા. તેમનાથી જન્મ્યા અશ્વિનિકુમારો.

આખ્યાન અહીં પૂરું થાય છે.

આખ્યાનનું યોગિક રહસ્ય નીચે મુજબનું છે : કશ્યપનો અર્થ છે મદ્ય. મદ્ય પીનાર તે કશ્યપ. અદિતિનો અર્થ છે અખંડ અવિભાજિત ચેતના. તેને લીધે નિર્માણ થતો આનંદ (જુઓ ભૂવા વૈ સુખમ્) તે જ મદ્ય. તેને પીનાર તે કશ્યપ અર્થાત્ સદા અખંડ ચેતનાનો બ્રહ્માનંદ પીનાર તે કશ્યપ.

તેમનો પુત્ર સૂર્ય. સૂરનો અર્થ છે દિવ્ય-શક્તિ. તેને ધારણ કરનાર તે સૂર્ય. બ્રહ્મચેતના સાથેની એકરૂપતાથી અનેક દિવ્ય-શક્તિઓ પ્રગટ થવા લાગે છે. તેને ધારણ કરવી એટલે સૂર્યસ્વરૂપ થવું. સરણ એટલે આગળ જવું, ખસવું, વહેવું, સરણ્યુ એટલે વહેનાર શક્તિ, સક્રિય શક્તિ.

સૂર્યે પોતે તે દિવ્ય-શક્તિઓને સક્રિય કરી તેમને ઉત્સર્જીત કરવા માંડી. તેમાંથી જન્મ્યા પુરુષ અને પ્રકૃતિરૂપ યમ અને યમી. યમ એટલે નિયંત્રણ કરનાર, યમી એટલે નિયંત્રિત થનાર. પુરુષ પ્રકૃતિનો સ્વામી છે. તેનું સંચાલન કરે છે.

સૂર્યમાંથી ઉત્સર્જીત થતી દિવ્ય સૌરશક્તિમાંથી વિકૃત અદિવ્ય-શક્તિ થઈ તે

(પૃ.૪૫ ઉપર)

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૧૩
(પૃ.૧૦૬-૧૦૭)

## પૂર્ણયોગમાં રૂપાંતરનો અર્થ

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1. *By tranformation I do not mean... sainthood or ethical perfection or Yogic Siddhis or transcendental (chimnay) (Non-material) body. P. 106*
2. *I use transformation... in specific sense (complete change of consciousness) to bring about a strong and assured step forward in the spiritual evolution of the being...* P. *106*
3. *Light of realisation is not the same thing as Descent... it may bring only an opening or heightening or widening of the consciousness at the top. P. 107*
4. *There must be a descent of the light... into all the being down to the physical and below before real transformation can take place. P. 107*
5. *The descent of Light is not enough, it must be the descent of the whole higher consciousness, its Peace, Power, Knowldge, Love, Anand. P.107*

6 *Sadhana cannot be complete unless it is a supramentalisation of the being. Psychicisation is not enough, it is only a beginning. spiritualisation and the descent of the higher consciousness is not enough, it is only a middle term, the achivement needs the action of the supramental consciousness and Force. P.107*

7 *Something less than that.... is not enough for the earth-consciousness to take the definitive stride forward. P.107*

શ્રી અરવિન્દ રૂપાંતર શબ્દ ખાસ અર્થમાં વાપરે છે. યોગ-સાધનામાં નીચેના આવતા અનુભવો એ તો તેનો ખૂબ જ પ્રાથમિક કે વચગાળાનો જ તબક્કો છે. તેને જ રૂપાંતર સમજી ગાફેલ રહેવું યોગ્ય નથી. રૂપાંતરનો અર્થ સંતાપણું ધારણ કરવું અથવા નૈતિક-પૂર્ણતા પ્રાપ્ત કરવી એવો જરા પણ નથી. સંત સાત્ત્વિક સ્વભાવનો, પ્રેમાળ, પરહિત કરનારો હોય છે. પ્રભુ પર પ્રેમ કરે છે. પણ તેની ચેતના તો શુદ્ધ બનેલી માનવી-ચેતના જ રહે છે. નૈતિક આદર્શો તો ધર્મના અધૂરા ખ્યાલોનુસાર સમાજમાં બદલાતા હોય છે. તે વ્યવહારુ ધર્મનો ભાગ છે. યોગની પાત્રતા કેળવવ્ માટે કદાચ તે જરૂરી છે પણ તે યોગ નથી. તે માનવી-ચેતનાને થોડીક સુસંસ્કૃત કરે છે પણ બદલતી નથી. તેવું જ તાંત્રિક સિદ્ધિઓ પ્રાપ્ત કરવા બાબત છે. તેમાં સૂક્ષ્મ જગતની અભૌતિક શક્તિઓને માનવી-જીવનમાં વાપરવાનું જ્ઞાન હોય છે તે માનવી-ચેતનાને બદલવાનો પ્રયત્ન માત્ર પણ કરતી નથી. તેમાં ફક્ત ભૌતિક, શારીરિક મર્યાદાઓ ઉપર વિજય મેળવી શકાય છે એટલું જ. સારાંશ, સંતપણું, નૈતિકપૂર્ણતા કે તાંત્રિક-સિદ્ધિઓ આ બધું માનવી-ચેતનાના પ્રકારમાંના જ વિવિધ રૂપો છે. તેમાં માનવી-ચેતનાને અતિક્રમી જવાનો પ્રયત્ન પણ થતો નથી, તેથી તેમને રૂપાંતર સમજી બેસવું એક મોટી ગેરસમજ થઈ જશે.

રૂપાંતરની તૈયારી તરીકે કે તેના પ્રાથમિક કે મધ્યમ તબક્કા તરીકે નીચેની આધ્યાત્મિક અનુભૂતિઓ આવતી હોય છે પણ તે પૂર્ણ રૂપાંતર નથી. તેની તૈયારી રૂપ જ છે એમ સમજવું યોગ્ય રહેશે.

(૧) ધ્યાન દરમિયાન પોતાના મસ્તકની ઉપર પ્રકાશનો અનુભવ આ અનુભવથી એક પ્રકારની શાંતિ અથવા કૃતજ્ઞતાનો અનુભવ આવે છે તેને કારણે આપણા સ્વરૂપમાં તે દિવ્ય-પ્રકાશને પ્રવેશ કરાવવાની તૈયારી ચાલતી હોય છે. તે આપણા સ્વરૂપમાં ખુલ્લાપણું રચે છે. તેનો વિકાસ પણ કરે છે. એટલું જ નહીં, તે પ્રકાશ સાથેની એકરૂપતા આપણી ચેતનાને વિશાળ પણ કરે છે. આ વિશાળતાની રચના, પ્રકાશ સાથે એકરૂપતાની રચના, શાંતિનો અનુભવ આ બધાં જ ઘટકો તે દિવ્ય-શક્તિના શરીરમાં અવતરણની શક્યતા ગોઠવવાની પૂર્વતૈયારીરૂપ હોય છે. મસ્તક કે ભ્રમધ્ય કે હ્રદયમાં અથવા પૈકી બે અથવા ત્રણેમાં ઉઘાડ થવા લાગે છે. તે દિવ્યપ્રકાશ નીચે ભૌતિક શરીરમાં અવતરણ પામે છે. આ જ તેની ફલશ્રુતિ છે પણ તે રૂપાંતર નથી, કારણ - (ક્રમશઃ)

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## લક્ષ્ય

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૧ પર આધારિત)
પ્રકરણ - ૧૫

## ચૈત્યપુરુષનો પ્રભાવ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **માણસો પોતાની જાતને જાણતા નથી હોતા.... સામાન્ય રીતે પોતાના અંતઃકરણના બધાય ભાગોને 'મન' એવું નામ આપીને તેમનો ખીચડો કરી એકસામટા એક પોટલામાં તેમને તેઓ બાંધે છે. પૃ.૧૪**
- **આપણી પ્રકૃતિ અતિ અટપટી છે એમ જાગ્રતપણે જાણવું..... પોતાની પ્રકૃતિ પર સંયમ પ્રાપ્ત કરવો એ યોગસાધનાની પ્રતિષ્ઠાનું એક અંગ છે. પૃ.૧૪**
- **આપણી ચેતના અનેક ઘટક અવયવોની બનેલી છે. પૃ.૧૪**
- **આપણને તો ચેતનાની જાગૃત સપાટી ઉપર જે અસ્તવ્યસ્ત અને અનિયમિત પરિણામો ઊપજતાં હોય છે તેનું જ ભાન હોય છે. પૃ.૧૫**
- **આ અવ્યવસ્થિત દશાનો ઉકેલ..... મનથી ઉપર આવી રહેલ દિવ્ય-ચેતનાની જ્યોતિને સાદ કરવો, ચૈત્યપુરુષને યાને અંતરાત્માને સમગ્ર પ્રકૃતિને મોખરે સ્થાપન કરવો..... બળવાન અભીપ્સાનો અગ્નિ જાગૃત કરવો તથા તેની શિખા વડે પ્રાણમય પુરુષમાં પણ એ અગ્નિ પ્રગટાવવો એમાં જ એના ઉકેલની ચાવી રહેલી છે. પૃ.૧૫**

સર્વ સામાન્ય માણસ પોતાની જાતને એક મન અને શરીર તરીકે જ જુએ છે. તે પોતાનામાં રહેલ આંતરના પ્રદેશોથી તો સાવ અજાણ જ છે. ચેતના છે એવું માનસિક રીતે સમજે છે, પરંતુ તેનો અનુભવ અને તેની કાર્ય પદ્ધતિથી તો સાવ અજાણ છે અને તેથી જ આ અંતઃકરણના બધા જ ભાગોનો એક ભારો બનાવીને 'મન' એવું નામ આપે છે.

શ્રી અરવિન્દ જણાવે છે માનવમાંનાં ચેતનાનાં સ્તરો અને વિભાગોને જાણવા અને તેની કાર્યપદ્ધતિ ચોક્કસ રીતે સમજીને સાધનામાં ઉપયોગ કરવો અતિ આવશ્યક

છે. વળી, માનવપ્રકૃતિ પણ ખૂબ જ જટિલ અને અટપટી છે. પુરુષ અને પ્રકૃતિ, ચેતના અને મન, અંતઃકરણના પ્રદેશો, ચૈત્યપુરુષ વગેરે શબ્દોથી માનવ મૂંઝવણ અનુભવે છે, કારણ કે તેની પાસે તેનું સીધું જ્ઞાન અને ખાતરીદાયક અનુભવ નથી.

પ્રથમ તો પ્રકૃતિ પર સંયમ સ્થાપવાની જરૂર બની આવે છે. આ પ્રકૃતિ શું છે ? મૂળભૂત રીતે પ્રકૃતિ તો ઉત્ક્રાંતિનું ચાલકબળ છે. આદ્યાશક્તિ છે. પરંતુ, નિમ્ન સ્તરો અને વિભાગોમાં તે અભાન રીતે પોતાનું કાર્ય કર્યે જાય છે. માનવ જોઇ શકશે કે તેને આવતા વિચારો, ભાવનાઓ અને કાર્ય-શક્તિઓની પાછળ અનેક પ્રકારના બળો-શક્તિઓ પોતાનો દોરીસંચાર કરતાં હોય છે અને આ સમગ્ર પદ્ધતિથી દોરવાતો માનવ અમુક પ્રકૃતિનો બની રહે છે. શુદ્ધ અને દિવ્યતાના વિચારો, ભાવનાઓ અને કાર્યો સાધકે સભાન રીતે જુદા તારવીને તેને વધારે ને વધારે જીવનમાં આત્મસાત્ કરવાના હોય છે. તેના દ્વારા પ્રકૃતિ પર સંયમ સ્થપાય છે જે સાધનામાંનું એક મહત્ત્વનું પાસું છે.

વધારે ઊંડાણમાં જતા જણાશે કે માનવ-ચેતનાના અમુક ભાગો દિવ્ય-ચેતનાના પ્રકાશ અને જ્યોતિ પ્રત્યે વળેલા હોય છે, ખુલ્લા હોય છે. આ ઉઘાડ જ પ્રકૃતિને વધારે ને વધારે શુદ્ધ અને દિવ્ય બનાવવામાં મદદરૂપ બને છે.

માનવમાંનો સૌથી દિવ્યત્તમ ભાગ અથવા ઘટક તો ચૈત્યપુરુષ જ છે. તે હંમેશા પ્રભુ તરફ વળેલો હોય છે અને પ્રભુ પાસેથી દિવ્ય પ્રકાશ પ્રત્યક્ષ મેળવતો હોય છે અને તે દ્વારા પોતાનાથી જેટલો પ્રભાવ બાહ્ય પ્રકૃતિ - મન, પ્રાણ અને શરીર પર પાડીને પોતાના સંકલ્પ અનુસાર જીવનને ઘાટ આપતો હોય છે. તેથી શ્રી માતાજી કહે છે કે ચૈત્યપુરુષને જીવનમાં અગ્રભાગે લાવો. શ્રી અરવિન્દ જણાવે છે ચૈત્યપુરુષને પ્રકૃતિના મોખરે લઈ આવવો.

બાહ્યચેતનામાં રહેતો માનવ ચૈત્યપુરુષને જીવનમાં અગ્રભાગે કઇ રીતે લઇ આવે ? શ્રી અરવિન્દ જણાવે છે કે તે માટે એક જ્વલંત અભીપ્સાનો અગ્નિ જરૂરી છે, જેની જ્વાળાઓ જીવન ઉપર પ્રભાવ પાડીને ચૈત્યપુરુષને વધારે ને વધારે જીવનમાં પ્રગટ કરી શકશે. વળી આ અભીપ્સાની જ્વાળાઓને છેક પ્રાણમય પુરુષ સુધી દોરી જવાની છે જેથી પ્રાણમય ચેતના પણ જીવનમાં પોતાની મૂળભૂત દિવ્યશક્તિ સ્વરૂપ ધારણ કરીને પ્રગટ થવા માંડશે. દિવ્યજીવનના પાયા રચાવા માંડશે.

આપણી જાતને જાણવા તેના જેવું જીવનમાં કોઇ પણ expedition નથી, તેના જેવું જીવનમાં કોઇ જ adventure of consciousness નથી. શ્રી માતાજી કહે છે : Essentially there is but one single true reason for living.

It is to know oneself.

- The Mother

## વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

# આર્ય (માનવ) ભાષાનાં ઉદ્‌ગમ-સ્થાનો

(વેદનું રહસ્ય ભા. ૨ પૃ. ૨૧૯-૨૪૫)

પ્રકરણ -૮

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧. ઓગણીસમી સદીમાં આશાસ્પદ પ્રવૃત્તિઓનો..... પ્રારંભ જોવા મળે છે. તેમાં સંસ્કૃતિ અને વિજ્ઞાનનાં ક્ષેત્રોએ (આવકાર) આપ્યો છે. પૃ. ૨૧૯

૨. શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની રાજધાની જર્મનીમાં તે શબ્દ નિરાશાવાચક બની ગયો.

૩. ભાષાના વિજ્ઞાનનો ખ્યાલ મૃગજળવત્ છે. પૃ. ૨૨૦

૪. ભારતમાં તો માનસશાસ્ત્રીય પદ્ધતિની શોધ ખૂબ પ્રાચીન કાળમાં થઈ હતી. પૃ. ૨૨૦

૫. યુરોપીય શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર સત્યમાર્ગને બદલે ખોટે માર્ગે ચઢી ગયું. પૃ. ૨૨૦

૬. શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રે ગૌણ ચાવીને મુખ્ય ચાવી ગણવાની ભૂલ કરી. પૃ. ૨૨૦

૭. પ્રાચીન અને આધુનિક ભાષાઓનાં શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીય વર્ગીકરણ ઉપર સંસ્કૃત માનવજાતિનાં આર્યો, સેમેટિક દ્રાવિડીયન, તુરાનિયન એવા ભેદો ઊભા કર્યા..... ભાષાનું સામ્ય એ કાંઈ લોહીના સામ્યની અથવા જાતીય-વંશીયતાના તાદાત્મ્યની સાબિતી નથી. પૃ. ૨૨૦

૮ ભાષાને - એમ તો કહી શકાય કે તે સાધારણ સંસ્કૃતિની સાબિતી છે (એક માન્યતા) પૃ. ૨૨૧

૯. સાધારણ શબ્દો સાધારણ સંસ્કૃતિનાં અસ્તિત્વને સૂચવે છે તે માન્યતામાં અધિકતાનો, તેમ જ ન્યૂનતાનો..... દોષ રહેલો છે. પૃ. ૨૨૨

૧૦. પ્રાગૈતિહાસિક યુગોની બાબતમાં ઐતિહાસિક ઘટનાનું સત્યજ્ઞાન મળવું સંભવિત નથી. ઐતિહાસિક સાધન-સામગ્રી બિલકુલ અપ્રાપ્ય છે અને તેથી આપણે શબ્દો તથા તેમને ગેરમાર્ગે દોરી જતાં સૂચનો ઉપર જ આધાર રાખવો પડે છે. પૃ. ૨૨૩

૧૧. જંગલી લોકોની ભાષાઓના શબ્દો દર પેઢીએ બદલાતા રહે છે. પૃ. ૨૨૩
૧૨. બે જાતિઓ છૂટી પડે..... છૂટા પડ્યાં પછી તેમાંની એક જાતિએ મૂળ સાધારણ શબ્દ છોડી દીધો હોય..... નવો જ શબ્દ બનાવી લીધો હોય. પૃ. ૨૨૩
૧૩. શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનું મુખ્ય કાર્ય છે..... શબ્દોનો ઈતિહાસ. તે ધ્વનિનાં સ્વરૂપો સાથે વિચારોનું સાહચર્ય. પૃ. ૨૨૪
૧૪. ઉત્પત્તિની સમાનતા માટે બે મુખ્ય સાબિતીઓ આપવામાં આવે છે - એક તો સામાન્ય અને પરિચિત શબ્દોના સમૂહની સાધારણતા અને બીજી વ્યાકરણીય રૂપોની તથા રૂઢિઓની..... સાધારણતા. પૃ. ૨૨૪
૧૫. આમાંની પ્રથમ સાબિતી સ્વલ્પ અને અનિર્ણાયક છે, બીજી સાબિતી છેહ દે તેવી..... અવૈજ્ઞાનિક છે. પૃ. ૨૨૮
૧૬. હું માત્ર સંસ્કૃત અને ત્રણ પ્રાચીન ભાષાઓના ઉદ્‌ગમ, વિકાસ તથા માનવ-ભાષાની પ્રગતિને જ ચર્ચીશ. પૃ. ૨૨૯
૧૭. સંસ્કૃતનો અર્થ થાય છે સંસ્કારવાળી શુદ્ધ સાફ કરેલી ભાષા. પૃ. ૨૨૯
૧૮. શીર્ષક - 'આર્યભાષાનાં ઉદ્‌ગમ સ્થાનો' એટલે હું માનવ-ભાષાનાં ઉદ્‌ગમ-સ્થાનો સમજું છું. પૃ. ૨૩૦
૧૯. આ પ્રકારના અભ્યાસમાં ભાષાકીય ગર્ભાવસ્થાનું એક પ્રકારનું વિજ્ઞાન પ્રથમ જરૂરિયાત છે. પૃ. ૨૩૦
૨૦. વૈદિક ફૉર્મ્યુલા..... એક બીજમાંથી વૈશ્વિક સત્‌ના સંકલ્પ વડે અનેક રૂપો વિકાસ પામ્યાં છે અને આ સૃષ્ટિની રચના થઈ છે. 'એકં બીજં બહુ ધાયઃ કરોતિઃ' ભાષામાં પણ આપણે તે જ પદ્ધતિને અપનાવવી પડશે. પૃ. ૨૩૦
૨૧. નિશ્ચિત નિયમો અને પ્રક્રિયાઓને ભાષાના વિકાસનું નિયમન કર્યું હતું..... તે માત્ર ભાષાનાં પ્રાચીન રૂપોનો અભ્યાસ કરવાથી જ તેની શોધ થઈ શકશે અને તેની સાબિતીઓ પ્રતિષ્ઠિત કરી શકશે. પૃ. ૨૩૦
૨૨. શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર એવા માનસિક વિજ્ઞાનને રચવાનો પ્રયત્ન કરે છે..... ભાષાની બે બાજુઓ છે તેની વસ્તુ-સામગ્રી ભૌતિક છે. (માનવનિર્મિત ધ્વનિ છે.) તે જ્ઞાનતંતુઓની પ્રાણિક ક્રિયા પણ છે..... (મગજની ક્રિયાઓ) - તેનો ઉપયોગ મન કરે છે. પૃ. ૨૩૭
૨૩. સારાંશ, તેમાં હંમેશા બે તત્ત્વો હોય છે - એક તો ભાષાનો વિકાસ..... તે રચનાઓના ઉપયોગનું માનસશાસ્ત્ર. પૃ. ૨૩૭

૨૪. **સંસ્કૃત ભાષાનું અત્યારનું ક્લેવર હજી સુધી આર્યરચનાની મૂળની ભૂમિકાને જાળવી રાખી શક્યું છે. પૃ.૨૩૭**

૨૫. **ભાષાનાં પ્રાથમિક યુગમાં દરેક શબ્દો નામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ તરીકે અનેક ફરજો બજાવવાની રહેતી. તે ઉપરાંત અવાજનો આરોહ, અવરોહ, હાવભાવ દ્વારા આ બધું કરવાનું રહેતું. પૃ.૨૪૨**

૨૬. **જેમ જેમ બુદ્ધિની માંગ વધતી જાય તેમ તેમ તે ભાષાને નવીન વિકાસ-વૃદ્ધિઓ સાધવાની, નવા જટિલ શબ્દ-સ્વરૂપો નિર્માણ કરવાની ફરજ પડે છે. પૃ.૨૪૩**

૨૭. **તે પ્રકારના વિકાસમાં (૧) ક્રિયા, કર્તા, કર્મના ભેદોને વ્યક્ત કરવાનો આવેગ(ઇચ્છા) (૨) ક્રિયાપદના કાળભેદોની, કર્તરિ-કર્મણિ પ્રયોગોની..... (૩) વિશેષણનાં એકવચનનો, લિંગોનો, વિભક્તિઓનાં રૂપોનો (વિભાજનનો) (૪) ક્રિયા-વિશેષણોના ભેદોનો. પૃ.૨૪૩**

૨૮. **જો ભાષાનું વિજ્ઞાન શક્ય હોય, તો આ (ધ્વનિ અને તેનો અર્થયુક્ત ધ્વનિઓની વિશિષ્ટ ગોઠવણીની પાછળ અમુક સત્યો અનિવાર્ય રીતે કાર્ય કરી રહેલાં હોવાં જોઈએ. પ.૨૪૬**

૨૯. **છેલ્લી વાત એ છે કે સભાન પસંદગીની વધતી જતી શક્તિને પરિણામે ભાષાની રચનામાં અમુક શબ્દોના અમુક અર્થોની પસંદગીની બાબતમાં બીજા નિર્ણાયક તત્ત્વો પ્રવેશ્યાં હશે પણ મૂળ તત્ત્વ તદ્દન અક્રિય તો નહિ જ હોય. પ.૨૪૫**

ઓગણીસમી સદીમાં ઘણી માનવજાતિની હિતકારી પ્રવૃત્તિઓ શરૂ થઇ. તેમાં બે ક્ષેત્રનાં કાર્યોનો વિશેષ પ્રભાવ સમગ્ર માનવજાતિની સમજણ ઉપર પડ્યો : (૧) સંસ્કૃત બાબતોની સમજણ (૨) વૈજ્ઞાનિક સમજણ

જ્ઞાનની ભૂખ સંતોષવા માનવોએ અનેક પદ્ધતિઓ વિકસાવી છે. પ્રાચીન સાહિત્યની પ્રાચીન ભાષાને ઉકેલવા તેવો જ એક પ્રયત્ન થયો. તે જર્મનીમાં થયો અને તેનું નામ છે શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનો વિકાસ. પ્રાચીન શબ્દો જેમના અર્થો સમજાતા નથી તેનો અર્થ ઉકેલવા આ શાસ્ત્ર પ્રયત્ન કરે છે. આજની પ્રચલિત ભાષામાં તે શબ્દ કોઇ નવા ચહેરા-મહોરાં સાથે ગોઠવાઇ ગયેલો હોય છે. તે જો પકડાઈ જાય તો મૂળ શબ્દમાંથી આ નવો શબ્દ રચાતા જે વિવિધ તબક્કાઓ રચાયા તેમને શોધીને એક બુદ્ધિનિષ્ઠ સ્પષ્ટીકરણ આપવાનો આ શાસ્ત્ર પ્રયત્ન કરે છે. પણ આ શાસ્ત્રની શરૂઆત થતાં જ તેણે જે અતિરેકી

નિર્ણયો તારવ્યા તે ખોટા ઠરતા

આ શાસ્ત્રની કિંમત ઘટી ગઇ. જર્મનીનો ચિંતક રેનન જે શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનો ખેરખાં કહેવાતો, તેણે અંતે નિર્ણય આપ્યો કે ભાષાનું આ વિજ્ઞાન એક મૃગજળ સમાન છે. સંસ્કૃતમાંના પિતૃ પિતા શબ્દ ઉપરથી અંગ્રેજીમાંનો ફાદર, પેટર, શબ્દની ઉત્પત્તિ જડતાં જ આ બે કોમો એક જ વંશમાંના બે ફાંટા છે એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો. અંતે, શરીરશાસ્ત્રે આ વિધાનને ખોટું ઠરાવી બંને માનવવંશ જુદા છે એવું પ્રસ્થાપિત કર્યું.

શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર ખોટા રવાડે ચડી ગયું હતું. તેને ફરી સાચી દિશામાં લાવવાની જરૂર છે. વળી ફક્ત શબ્દ સામ્યતાની કક્ષાએ જ અટકી જવું એ આ વિજ્ઞાન માટે બાળ-મરણ જેવું છે.

તેથી શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનું સાચું કાર્યક્ષેત્ર શું અને તેમાંથી નીકળતાં નિષ્કર્ષો ખૂબ જ મર્યાદિત સ્વરૂપનાં હોવા જોઇએ એ મર્યાદાઓ નક્કી કરવી જરૂરી બની ગઇ છે.

શ્રી અરવિન્દે આની નવીન દૃષ્ટિથી પહેલ કરી છે. તેઓ ગ્રીક, લૅટિન અને સંસ્કૃત ભાષા સારી રીતે જાણતાં હતાં. દક્ષિણ ભારતમાં પોંડીચેરી નિવાસથી તેમને તમિળ ભાષાનો અભ્યાસ થયો. આ ચારે ભાષાનો અભ્યાસ કરીને તેમણે જે તારણો કાઢ્યાં છે તે ખૂબ જ પાયાભૂત અને શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની દૃષ્ટિએ મહત્ત્વનાં છે.

શ્રી અરવિન્દે આ પ્રકરણને સગવડ ખાતર 'આર્યભાષાનાં ઉદ્‌ગમસ્થાનો' એવું નામ આપેલ છે, પણ તેમનો અર્થ તેમણે 'માનવ-ભાષાના ઉદ્‌ગમસ્થાનો' એ રીતે લઇને જ વિચાર કરેલ છે.

શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રે ભાષાના ભેદોને ધ્યાનમાં લઇ સુસંસ્કૃત માનવજાતિમાં આર્યો, સેમિટિક, દ્રાવિડિયન અને તુરાનિયન એવા ભેદો નિર્માણ કરેલાં છે અને સમાન ભાષા સમાન વાંશીકતા દર્શક છે એવું વલણ લીધું છે. ખરેખર તેમ હોતું નથી. ભાષા-સામ્ય એ વંશ-સામ્યતાનો પુરાવો હોઇ જ ન શકે, તેથી તે પરદેશના વંશનો બની જતો નથી.

આ વિદ્વાનો એક સત્ય ભૂલી ગયા છે :

(૧) દરેક ભાષા દરેક પેઢીએ પોતાનું કલેવર થોડુંઘણું બદલે જ છે.

(૨) એક જ ભાષાનાં વિવિધ પ્રદેશોનાં કલેવરોમાં પણ તફાવત પડવા લાગે છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની ગુજરાતી ભાષામાં, ઉચ્ચારણમાં ઘણો તફાવત જણાય છે.

(૩) માનવોના જગપ્રવાસને કારણે એક ભાષા બીજી ભાષામાં પ્રવેશી પોતાના શબ્દો ત્યાં સ્વીકારવા ફરજ પાડે છે. દા.ત. ભારતીય ઘી શબ્દ હવે ઓક્ષફોર્ડ ડિક્ષનેરીમાં પોતાનું સ્થાન જમાવી બેઠો છે અને અંગ્રેજી શબ્દ સ્ટેશન ભારતીય ભાષામાં.

(૪) નવી વૈજ્ઞાનિક શોધો નવા શબ્દો રચે છે, જે અન્ય ભાષાઓ જેમના તેમ સ્વીકારી લે છે. દા.ત. કૅબલ, નૅટવર્ક, સર્ફીંગ, ફેક્ષ, વેબસાઇટ વગેરે.

આ બધી પ્રક્રિયાઓ ધ્યાનમાં લઈને જ તારણો કાઢવાં જોઇએ. શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રે પોતાનાં મંતવ્યો શબ્દના વિકાસના તબક્કા શોધી કાઢવા પૂરતાં જ મર્યાદિત રાખવા જરૂરી છે.

ભાષાના સમાન શબ્દો સમાન સંસ્કૃતિનાં પણ સૂચક હોતા નથી, તેમ માનવાથી બે દોષો નિર્માણ થાય છે. દા.ત. માટીનાં અમુક વાસણ માટે ગ્રીક અને ભારતીય શબ્દો સમાન છે. ભારતીય સુરંગ શબ્દ અને ગ્રીક સુરિક્સ (Surinx) શબ્દની સામ્યતા એ દર્શાવતી નથી કે બંને પહેલા સાથે રહેતા હતા અને પછી વિખૂટા પડ્યાં. દુર્ભાગ્યે પ્રાગૈતિહાસિક ઘટનાઓ બાબત આપણે બહુ જાણતા નથી અને તેના પુરાવાઓ પણ ઉપલબ્ધ નથી. તેથી ભાષા-સામ્યતાનો આધાર લેવો પડે છે. પણ તે કાળજીપૂર્વક લેવો જોઇએ. અન્ય પુરાવાઓ મેળવીને પછી લેવો જરૂરી છે. એક વંશની બે શાખા છૂટી પડ્યા પછી એક વસ્તુનું મૂળ નામ ત્યાગી કોઇ નવો જ શબ્દ સ્વીકારી લે છે તેથી તેમને વાંશીક-સમાનતા નથી એવી દલીલ ન થઈ શકે. સારાંશ, આ શાસ્ત્રમાં વંશ-શાસ્ત્ર કે પ્રાચીન સંશોધનશાસ્ત્રનો હેતુ નથી. તેનો હેતુ છે શબ્દ-વિકાસની, ભાષા-વિકાસની સમગ્ર પ્રક્રિયાને સમજવી.

સંસ્કૃત ભાષાઓ, જેનો આપણે અભ્યાસ કરીએ છીએ તેમને 'સંસ્કૃત' એ માટે કહેવામાં આવે છે કે તેને શુદ્ધ, સાફ કરેલી છે. તે સાહિત્યની ભાષા છે જે ભણેલા લોકો વાપરતા. ભારતીય સંસ્કૃત ભાષા તો સ્ત્રીઓ અને સામાન્ય લોકો બોલતા નહોતા. તેઓ 'પ્રાકૃત' ભાષા બોલતા, જેને આપણે પ્રાદેશિક ભાષાઓ કહીએ છીએ.

---

(પૃ.૪૭ ઉપરથી) **ચંપકલાલ - શ્રી માતાજીના વાહક**

દૃષ્ટિએ, અધ્યાત્મમાર્ગની જિંદગીમાં એ જુદી જ વાત છે અને ખરેખર ઘણા જ થોડા લોકો આ પ્રકારની બડાઇ મારવામાંથી મુક્ત હોય છે.

- ચંપકલાલ

(ચંપકલાલનાં સંસ્મરણો. પૃ.૨૭૭)

આપણે સૌ શ્રી ચંપકલાલના જીવનમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી આપણી રોજબરોજની આત્મશ્લાઘાની જિંદગીમાંથી મુક્ત થઇ, આધ્યાત્મ માર્ગે પ્રગતિ કરીએ એ જ છે શ્રી ચંપકલાલને સાચી શ્રદ્ધાંજલિ છે.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ

# માનવ-પ્રકૃતિનું રૂપાંતર

પ્રકરણ - ૨૧
(ખંડ-૨, પૃ.૯૦-૯૩) (તા.૦૨-૧૦-૧૯૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : ગઈ કાલે તમે જણાવેલ કે ભગવાનનો સાક્ષાત્કાર માનવપ્રકૃતિના રૂપાંતર માટે પૂરતો નથી.

બીજો શિષ્ય : ખ્રિસ્તી રહસ્યવાદ માને છે કે ઈશ્વર સાક્ષાત્કાર પછી કાંઈ કરવાનું રહેતું નથી. કારણ તે પછી સાધક ઈશ્વરનું જ કાર્ય કરે છે.

શ્રી અરવિન્દ : ઈશ્વરનું કાર્ય કરે છે તે કેવી રીતે જાણવું ?

શિષ્ય : તેઓ પાદરી હોવાથી દેવળનાં કાર્યમાં જ સમર્પિત રહે છે તેથી.

શ્રી અરવિન્દ : દેવળનાં કાર્યો માનસિક ધોરણોનુસાર ચાલતા હોય છે. આ લોકો મનોમય અને પ્રાણમય અસ્તિત્વમાં છે તેવા જ રહે છે તેથી જ પરંપરાગત રૂઢિમાં જ વિશ્વાસ ધરાવે છે. આવો વિશ્વાસ રાખવો એ ઈશ્વરનું કાર્ય ગણાય ?

બીજી બાજુ આપણા અદ્વૈતવાદીઓ બ્રહ્મ-સાક્ષાત્કાર પછી તેઓ આ જગતની પંચાતમાં પડવા જ માગતા નથી. માનસિક અને પ્રાણમય અસ્તિત્વની ઘરેડને તેઓ ભૂતકાળના સંસ્કારોથી સંચાલિત ગણીને તેની તરફ દુર્લક્ષ્ય કરે છે. તેમને તે પોતાના સાચા સ્વરૂપનો ભાગ માનતા જ નથી, તેથી ત્યાં પણ તેમની પ્રકૃતિ રૂપાંતર વગરની જ રહે છે.

ઈશ્વરનો સાક્ષાત્કાર એ રૂપાંતરની પ્રક્રિયાની શરૂઆત બની શકે છે. તેને અંતિમ પરિણામ ન ગણવું જોઈએ.

ઈશ્વરના સાક્ષાત્કાર પછી તેની સક્રિય શક્તિને અવતરણ કરાવીને પોતાના સ્વરૂપમાં રૂપાંતરના કાર્યમાં જોતરવી પડે છે અને અદિવ્ય પ્રકૃતિને દિવ્ય કરીને દિવ્યપ્રકૃતિનો ભાગ બનાવી દેવાનો હોય છે. નહીં તો તમે બેવડું જીવન જીવતા થાઓ છો, કારણ તમારી બેવડી પ્રકૃતિ હોય છે. તમે ધ્યાનમાં દિવ્ય-પ્રકૃતિમાં રહો છો, વ્યવહાર વખતે અદિવ્ય-પ્રકૃતિમાં. આ સ્વરૂપનું વિભાજન એ યોગની પૂર્ણતા નથી. બન્ને એક જ ચેતનાના હકૂમત નીચે લાવવી જરૂરી છે.

શિષ્ય : તેઓ સમાધિ અને તુરિય અવસ્થામાં રહેવાનું જણાવે છે.

શ્રી અરવિન્દ : તેઓ રૂપાંતરમાં માનતા નથી. પ્રકૃતિનાં તત્ત્વો તે યોનિના મૃત્યુ બાદ વિશ્વપ્રકૃતિનાં જે તે તત્ત્વમાં ઓગળી જાય છે એમ જણાવે છે. આ પ્રકૃતિનો ત્યાગ ગણાય છે, પ્રકૃતિનું રૂપાંતર નહીં. ઈશ્વરે પ્રકૃતિનો ત્યાગ કરેલ નથી, તેની પ્રકૃતિ દિવ્ય છે. તેવી જ રીતે આપણે પણ દિવ્ય-પ્રકૃતિને ધારણ કરવી જોઈએ જેથી તે પ્રકૃતિ દ્વારા પ્રભુ પોતાનું કાર્ય કરી શકે તેવું કાર્ય જ ઈશ્વરનું કાર્ય ગણાશે. પરંપરાગત પ્રભુનાં કાર્યો એ તો એક માનસિક માન્યતા માત્ર છે, સત્ય નથી. જો પ્રકૃતિનું રૂપાંતર ન થાય તો યોગી બાળક, જડ પિશાચ અથવા ઉન્મત્તની જેમ વર્તે છે. બાળક જેમ એટલે નિખાલસ પ્રકૃતિ, જડ એટલે જડ પાર્થિવ ચેતનાવાળો, પિશાચ અને ઉન્મત એ પ્રાણમય અને મનોમય ચેતનાની સ્થિતિ છે. તામસી પ્રાણમય એ પિશાચ-અવસ્થા અને તામસી મનોમય એ ઉન્મત્ત-અવસ્થા.

શિષ્ય : શું શંકરાચાર્યને બ્રહ્મપ્રાપ્તિ થઈ હશે ?

શ્રી અરવિન્દ : તે બ્રહ્મને જ પૂછવું પડશે. પણ કદાચ કહે, બાકી બધું ઠીક પણ દલીલબાજી બહુ કરે છે (હસાહસ) બ્રહ્મ-સાક્ષાત્કાર ઘણીવખત ફક્ત માનસિક કક્ષાનો પણ હોઈ શકે છે.

શિષ્ય : શું ૠત્ચેતના અને જીવ એક જ છે ?

શ્રી અરવિન્દ : કેન્દ્રિય અસ્તિત્વ એટલે જીવાત્મા જેણે આપણા માટેનો સંકલ્પ ધારણ કરેલ છે. આ સંકલ્પ એ જ ૠત્ છે તેથી ૠત્ - ચેતના એટલે જીવાત્મા. જીવનો પણ મૂળ વ્યક્તિગત આત્મા. જીવ એટલે ચૈત્યપુરુષ. જીવાત્મા અને જીવ જુદી જુદી કક્ષાના છે. જીવ શ્રદ્ધામય છે.

શિષ્ય : શ્રદ્ધા શું છે ?

શ્રી અરવિન્દ : જીવ જીવાત્મા તરફ સમર્પિત હોય છે. જીવાત્મા તેને માટે પ્રભુનું આવિર્ભાવ કેન્દ્ર છે. તેમાંથી તેને પ્રભુની પ્રેરણા મળે છે. તે પ્રેરણાઓ તે શ્રદ્ધાથી સ્વીકારી લે છે. તેને સત્ય જ માને છે. આ શ્રદ્ધા મનોમય કક્ષાએ માન્યતા તરીકે પ્રગટ થાય છે, મન જે વિચારે છે તેમાં માને છે, તે જ માન્યતા. પ્રાણ જે કામના કરે છે તેમાં માને છે. શરીર તેને જે નક્કર અનુભવાય છે તેમાં માને છે. દરેક પોતાની ચેતના સ્તરે જે વાસ્તવિક લાગે છે તેને જ માને છે. આમ, શ્રદ્ધા વિવિધ ચેતનાનાં સ્તરે વિવિધરૂપો ધારણ કરે છે રૂપાંતર માટે શ્રદ્ધા જરૂરી છે. અહીં માનસિક શ્રદ્ધા કે માન્યતાની માગણી કરેલ છે. તે જ અન્ય શ્રદ્ધાઓને જન્મ આપે છે. સમગ્ર પ્રકૃતિમાં શ્રદ્ધા આ રીતે સાક્ષાત્કાર માટે જરૂરી છે.

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## અનાર્ત - વિદ્યા

પ્રકરણ-૪૧ (આર્ષેય - ઉપનિષદ)

ઋષિઓના જ્ઞાનસત્રમાં મેદની જામી હતી. કારણ પ્રસિદ્ધ ઋષિમુનિઓ આ જ્ઞાનસત્રમાં ભાગ લેવા પધાર્યા હતાં., જ્ઞાનસત્ર શરૂ થયું.

ગાયત્રીમંત્રને કારણે સપ્તર્ષિ મંડળમાં સ્થાન પામેલા વિશ્વમિત્ર ઋષિ ઊભા થયા. લોકોના પ્રાણ કાનમાં આવી વસ્યા.

'હે બ્રાહ્મણો, દ્યૌ અને પૃથ્વીમાં તેમ જ તેમની વચ્ચેનાં અંતરાળમાં જે પ્રકાશમય તત્ત્વ આવિર્ભાવ પામી સાકાર થઈ રહ્યું છે તે જ બ્રહ્મતત્ત્વ છે. તે સાવિત્રી સ્વરૂપે, ભર્ગના પ્રકાશ સ્વરૂપે આવિર્ભાવ પામી રહ્યું છે અને તે અગ્નિમાં પ્રકાશ સ્વરૂપે, જળમાં શીતલતા સ્વરૂપે, પૃથ્વીમાં ધારણા શક્તિ સ્વરૂપે અને માનવની બધી પ્રવૃત્તિઓની પ્રેરણા સ્વરૂપે કાર્ય કરી રહ્યું છે.''

જમદગ્નિ મંદમંદ હસતા ઊભા થયા.

''હે રાજર્ષિ, આ બધા આવિર્ભાવની ગતિ ધારણ કરનારાં 'આર્ત' તત્ત્વોમાં જ શું બ્રહ્મતત્ત્વ પ્રગટ થાય છે ? ગતિવગરનું 'અનાર્ત' તત્ત્વોમાં તે શું પ્રગટ થતું નથી ? (અનાર્ત એટલે સનાતન સ્વયં પ્રકાશિત તત્ત્વ)

''ઋષિવર, અંતરીક્ષ દ્વારા પણ બ્રહ્મતત્ત્વ પ્રગટ થઈ રહ્યું છે.''

''શું દ્યૌ અને પૃથ્વી અને તેના વચ્ચેનાં અંતરાળ પ્રદેશને નિર્માણ કરનારું મૂળ તત્ત્વ જે ગતિવિહીન છે, અનાર્ત છે તેને તમે જાણો છો ?''

''હે મહર્ષિ, દ્યાવા અને પૃથ્વી તેમ જ સમગ્ર બ્રહ્માંડનું સર્જન કરનાર જ પેલું અનાર્ત તત્ત્વ છે. તેનો જ આ અખિલ બ્રહ્માંડ વિસ્તાર છે. તે અનાર્ત તત્ત્વને જુદા જુદા નામે ઋષિઓ જાણે છે. કોઇ 'આપ' કહે છે. કોઈ તમસ્, કોઈ અસત્, કોઈ સત્, કોઈ આકાશ, કોઇક પરમવ્યોમ્, કેટલાક આત્મા કેટલાક બ્રહ્મ અને કેટલાક 'તત્'.''

''રાજર્ષિ, હજી તે અનાર્ત તત્ત્વની પૂરી વ્યાખ્યા થઇ નથી.'' ભરદ્વાજ

બોલ્યા.

જમદગ્નિએ કહ્યું, હે ઋષિગણ, આપણે જે અનાર્તની વાત કરીએ છીએ તેને 'ઋતમ્' પણ કહે છે. તેથી ત્રણે વેદોમાં 'ઋતમ્'નો જ મહિમા વર્ણવેલ છે એમ મને લાગે છે. ઋતમ્ એટલે બીજરૂપે, આવિર્ભાવ પહેલાનું સત્ય.

''હે ઋષિગણ, તે અનાર્તને જ હું સૂર્ય અને તેની શક્તિ ગાયત્રી કહું છું. કારણ યજુર્વેદ જણાવે છે કે સૂર્યસમં જ્યોતિઃ (૨૩-૪૮) અને સૂર્ય આત્મા જગતસ્તસ્થુષશ્ચ અર્થાત્ સૂર્ય જ આત્મા છે અને તે સમગ્ર બ્રહ્માંડને જોનારી જાણે આંખ છે ! તે ભર્ગની બહાર કાંઇ જ નથી.'' વિશ્વામિત્ર બોલ્યા.

ગૌતમઋષિએ વિરોધ કરતા જણાવ્યું, ''સૂર્ય તો વાદળાંથી, ધૂળડમરીથી ઢંકાઇ જાય છે તો પછી તે અનાર્ત તો ન જ હોઇ શકે ને ?''

બધા ઋષિઓએ તેમાં હોંકાર પૂરાવ્યો.

''ખરેખર સૂર્ય નહિ પણ તેની પાછળ રહેલ હિરણ્યગર્ભ જ (જેમાંથી (ગર્ભ) સોનેરી પ્રકાશ (હિરણ્ય) બહાર પ્રગટ થાય છે તે) સાચું અનાર્ત તત્ત્વ છે.'' એક ઋષિ બોલ્યા, ''તેથી તેની જ ઉપાસના, પેલા પરમ-તેજની જ ઉપાસના કરવી જોઇએ.''

''તે જ પરમ-તેજ શરીરમાં અગ્નિ (વિદ્યુત) તરીકે સ્થિર છે તેથી તે 'અગ્નિ' જ અનાર્ત ગણાવો જોઇએ.'' વિશ્વામિત્રે વાત લંબાવી.

ઋષિઓને હજી સંતોષ થતો નહોતો.

વિશ્વામિત્રે આગળ સમજણ આપતા કહ્યું, ''બુશિક વંશના ઋષિઓ આ શરીરસ્થ અગ્નિ (વૈશ્વાનર)ની ઉપાસના કરતા હતાં, પણ તેઓ બ્રહ્મતત્ત્વને પામી શક્યા નહોતા. પ્રકાશસ્વરૂપ અગ્નિ ફક્ત પાર્થિવતત્ત્વમાં હોય ત્યારે જ કહેવાય છે (શારીરિક કે ભૌતિક) તો અન્ય તત્ત્વોમાં શું તે અનાર્ત નથી ? અનાર્ત તો બધે જ છે તે સર્વાંતરયામિ પણ છે અને સર્વોપરિ પણ છે. તેથી વેદોમાં ઇન્દ્રને અનાર્ત ગણ્યો છે. તે વૃત્રાસુરનો (અજ્ઞાન) નાશ કરનાર, બધાનો સાક્ષી (વિશ્વવેદસ્) અને શરીરમાં પણ સ્થાયી છે (પુરુહુત) ખરેખર તો બધાં આ દૈવીરૂપો અનાર્ત બ્રહ્મના જ વિવિધ આવિર્ભાવો માત્ર છે. નમો અગ્નયે, નમઃઇન્દ્રાય, નમઃ પ્રજાપતયે, નમો બ્રહ્મણે.''

# આત્મસિદ્ધિ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

# દિવ્યપૂર્ણતા

(પુસ્તિકા પૃ.૧-૬)    પ્રકરણ -૧ (ચાલુ)

## વૈશ્વિકજીવન છૂપો પૂર્ણયોગ જ છે.

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પૂર્ણયોગ બધામાંનો સારગ્રહણ કરે છે તેથી આ વિચારોમાંનું પણ સત્ય સ્વીકારી તેણે આત્મસાત્ કરવું જરૂરી છે. તે માટે જે વિશાળ મનોવૃત્તિ અને આત્માની પૂર્ણતા જરૂરી છે. તેમાં આ પંથ અને ધર્મો કરતાં વધારે આધ્યાત્મિક વિશાળતા અને ફક્ત ભૌતિક-પૂર્ણતા કરતાં વધારે ઉચ્ચ સત્યનો સ્વીકાર જરૂરી છે જે આંતર, બાહ્ય બન્ને રહે. આપણા પૂર્ણયોગમાં સમગ્ર વૈશ્વિક-જીવન એ છૂપોયોગ જ ગણવામાં આવે છે છૂપો એ અર્થમાં કે તેનો સ્પષ્ટ હેતુ જણાતો નથી પણ તેમના વિકાસની ગતી તો તે આધ્યાત્મિક - પૂર્ણતા તરફની જ અજાણતા હોય છે.

**આધ્યાત્મિકતામાં બે ઉઘાડ**

ભૌતિક તત્ત્વ મારફત ચેતનાનો આવિર્ભાવ એ જીવન છે અને તે ચેતનાનો જીવનમાં પૂર્ણ સાક્ષાત્કાર એ જ અધ્યાત્મિકતા છે. જીવનના વિકાસ મુજબ ચેતના વધારે ને વધારે શુદ્ધ અને સમગ્રરીતે પ્રકટ થતી હોય છે અને અંતે આત્માનું ભાન, જ્ઞાન, આત્માનો પ્રકાશ વગેરે તેમાં ખીલે છે અને તેમને સ્વીકારતા, અનુભવતા કરણો પણ ખીલવા માંડે છે. આવા વિકસિત કરણો બે બાજુએ પોતાનો ઉઘાડ અનુભવે છે. એક આંતર-જગત દ્વારા પ્રકટ થતાં વિરાટ-વિશ્વ-આત્મા પ્રત્યેનો ઉઘાડ. મન, પ્રાણ શરીર આ ત્રણ પ્રકૃતિનાં કરણો છે. પોતાને ઓળંગી જવામાં જ તેમની સાર્થકતા રહેલી છે, કારણ તેઓમાં મનુષ્યમાં રહેલ સંપૂર્ણ સત્ય સમાઇ જતું નથી. તેઓ તે સત્યનો અમુક અંશ જ કે સ્તર જ સમજીને અનુભવી શકે છે. તે અંશ અને સ્તરની ઉપર પણ મનુષ્યમાંનું સત્ય વિસ્તરે છે. આવા ઊર્ધ્વ સત્યમાં જ પૂર્ણતાની ચાવી છે. તે મેળવવી હોય તો મન, પ્રાણ, શરીરને પોતાથી પર જવું જ પડે છે.

### અતિમનસનો અર્થ

મનની ઉપરના પ્રદેશને મનની પેલે પારનો પ્રદેશ અર્થાત્ અતિમનસ કહેવામાં આવે છે. મન એટલે અતિમનસ જ્ઞાનનું એક વિકૃત અને વિભક્ત આંશિક પ્રતિબિંબ છે જે ઘણું જ અધૂરું અને અસ્પષ્ટ છે. અતિમનસ જેમ જ્ઞાન સ્વરૂપ છે તેમ તે શક્તિ સ્વરૂપ પણ છે અતિમનસ એ એક મહાશક્તિ છે. તેને પ્રાપ્ત કરીને જ પ્રાણ પૂર્ણતા અનુભવે છે. અતિમનસ પરમ-સત્ સ્વરૂપ પણ છે. દિવ્ય-અસ્તિત્વના આધારસ્વરૂપ બની રહેવામાં જ શરીરની સાર્થકતા છે. શરીર દ્વારા જ તે ભૌતિક સ્તરે આવિર્ભાવ પામે છે.

તેથી આ મન, પ્રાણ, શરીરરૂપી ત્રણે તત્ત્વોની જે સામાન્યકક્ષાની ક્ષમતાઓ છે તેનો પ્રથમ વિકાસ કરવો જરૂરી છે, જેથી 'દિવ્ય-જીવનની પ્રાથમિક તૈયારી' બની રહે અથવા 'દિવ્ય-જીવનની શક્યતાની તક' ઝડપવાની ક્ષમતા પ્રાપ્ત કરી શકે.

### તપઃશક્તિની જરૂર

પણ ફક્ત આ પ્રાથમિક તૈયારીથી પૂર્ણ સફળતા મળતી નથી. પરા-શક્તિ માટે આ ક્ષેત્ર ખૂબ જ સંકુચિત હોય છે. તેથી તેને વિશાળ, સુંદર અને યોગ્ય કાર્યક્ષેત્ર મેળવી આપવા આ કરણોની સામાન્ય ક્ષમતાઓની ઉપર ઊઠીને વિકાસ કરવો પડે છે. તેથી બુદ્ધિ, નીતિમત્તા, સૌંદર્ય, રસિકતા, શરીર, બધાનો જ ખૂબ જ વિકાસ કરવો જરૂરી છે. આ માટે આત્મા બાબતનું ભાન, દૃઢ સંકલ્પશક્તિ અર્થાત્ તપસ-શક્તિ જાગૃત કરવી અતિ જરૂરી છે. તેની ઝાંખી થતાં જ આપણા પ્રકૃતિના રૂપાંતરની શરૂઆત પોતાની મેળે થાય છે. તેવું રૂપાંતર આત્મસિદ્ધિ અથવા પૂર્ણતા માટે અનિવાર્ય છે.

### પૂર્ણયોગનો અંતિમ - હેતુ

આવી રીતે પરમ સત્યને પ્રાપ્ત કરવું, તેની તપસશક્તિને પ્રાપ્ત કરવી અને તે પરા-શક્તિના કાર્ય દ્વારા આત્માના આવિર્ભાવ માટે મન, પ્રાણ, શરીરનો પૂરેપૂરો આધાર નિર્માણ કરવો એ જ આત્મસિદ્ધિયોગનો અંતિમ હેતુ છે. માનવ-જીવન દ્વારા પ્રભુના દિવ્ય-જીવનનો આવિર્ભાવ એ જ પૂર્ણયોગનો અંતિમ હેતુ છે.

આપણે જે પૂર્ણયોગ સ્વીકારીએ છીએ તેમાં માનવી મન, પ્રાણ, શરીરમાં માનવનું દિવ્ય-સ્વરૂપ બીજરૂપે તિરોભૂત છે એમ માનવામાં આવે છે. માનવનું દિવ્ય-સ્વરૂપ એટલે તેનું અધ્યાત્મિક સત્, તે દૈવી-પૂર્ણતારૂપ છે. તે આત્માના પ્રકાશનો માનવદ્વારા પૂર્ણ આવિર્ભાવ સ્વરૂપ છે. દિવ્ય-ચેતનાનો તે માનુષી આવિર્ભાવ હોય છે.

### પૂર્ણયોગની વિશાલતા

આવી આધ્યાત્મિકતા અને દિવ્ય-જીવનનો આવિર્ભાવ મનની મર્યાદામાં

(પૃ. ૪૨ ઉપર)

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૬૧-૧૬૩)

પ્રકરણ - ૨૬ **અવતરણો**

# શક્તિ મેળવવાની આંતરિક અને બાહ્ય પદ્ધતિ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 How can one increase the receptivity of the body ? ..... The first condition: to remain as quiet as possible..... when something comes and you do not receive it, this produces a shrinking..... so the first thing is to put one's will and relax this shrinking. After having relaxed this contraction, begin trying to widen yourself..... widen identifying..... more and more with the sky..... when one does that one becomes really receptive..... All these contractions of the solar plexus..... can disappear in this way. It is the nervous center which is affected. P.161-162

2 If you can just go to a quiet place, stretch yourself out flat, go out of your body..... remain above in such a way as to be able to see the body (from above) you pull the Force from above..... from there, taking care not to reenter your body, you begin to push these forces into the body..... until you see the body receiving them.... If someone comes along, see you stretched out and shakes you, it is extremely dangerous..... better shut yourself up where they can't disturb you. P.162

3 First condition not to fear and to be calm. P.163

ગ્રહણશીલતા વધારવા માટેની પ્રથમ શરત છે- જેટલું શક્ય હોય તેટલું શાંત રહેવાની ટેવ પાડવી. તે પછી જ ગત પ્રકરણમાં દર્શાવેલ છે તે આંતરિક યોગિક ક્રિયાઓ યશસ્વી બની શકે છે. પોતાની ચેતનાને આકાશ સાથે એકરૂપ કરીને આકાશની જેમ નિરાકાર, સ્વચ્છ, પારદર્શક, નિર્લેપ અને અસીમ

વિશાલતામાં ફેરવી નાખવાની છે.

આ વિશાલતા જ, અસીમતા જ શરીરમાં સુખમય સંવેદનો જગાડે છે. શાંતિ અને સ્વસ્થતાની લાગણી ફેલાવે છે. કોષોનો ઉદ્વેગ શાંત પાડી તેમને સંવાદમય સ્થિતિમાં ગોઠવી દે છે. તેથી જ વેદો 'ભૂમાવૈ સુખમ્' વિશાળતામાં જ સુખ છુપાયેલું છે એમ જણાવે છે.

આવી જ બીજી આંતરિક પદ્ધતિ એટલે આપણા શરીરની બહાર સર્વત્ર- સુવર્ણમય પ્રકાશ પથરાએલો પડ્યો હોય છે એવી કલ્પના કરવાની છે. મનની આંખોથી તે સર્વત્ર ફેલાએલા સુવર્ણમય પ્રકાશને જોવાનો છે. પછી પોતાના મસ્તકના ઉપરનું બ્રહ્મરંધ્ર ખૂલી જતું જોવાનું છે અને તે માર્ગે તે સુવર્ણમય પ્રકાશ સમગ્ર શરીરમાં અવતરણ પામીને ખૂણેખાંચરે ફેલાઈ રહ્યો છે એવું અનુભવવાનું છે. સાધકોને આ ભાવના કરતી વખતે શ્રી અરવિન્દનો Golden Light આ સૉનેટનું ભાવવાહી આંતરિક રટણ ખૂબ જ ઉપયોગી નીવડે છે એવો મારો અનુભવ છે. તે સુવર્ણમય પ્રકાશ કોષોની અંદર પ્રવેશી કોષેકોષને છલોછલ ઓતપ્રોત ભરી દે છે એવી ભાવના કરતા જવાનું છે. કોષો આનંદમાં આવી આ સુવર્ણમય પ્રકાશની વધારે ને વધારે માગણી કરી રહ્યાં છે. તે વધારે ને વધારે શાંત અને સ્વસ્થ બની રહ્યાં છે. બધા જ આ સુવર્ણમય પ્રકાશ મેળવવાની સામૂહિક અભીપ્સામાં જોડાઈ રહ્યાં છે એવો સ્થિરભાવ શરીરનાં કોષોમાં સ્થિર થવો જરૂરી છે. બસ, આ સ્થિતિમાં વધારે ને વધારે સ્થિર બની રહો, ચાલતા, બોલતા, કામ કરતા, વચમાં મળતી થોડીક ક્ષણોમાં પણ આવા ભાવમાં રહેતા શીખવાનું છે. ધીમે ધીમે પોતાના શરીરની આજુબાજુ એક સુવર્ણમય આભાચક્ર સતત ટકી રહેતું સાધક અનુભવવા માંડે છે. આ સ્થિતિ શરીરની ગ્રહણશીલતાને પૂર્ણરીતે વિકસાવી દે છે. આ છે આંતરિક – પદ્ધતિ.

શરીરની ગ્રહણશીલતા વધારવાની બાહ્ય પદ્ધતિ નીચે મુજબની છે :

નિસર્ગરમ્ય કોઈ એકાંત સ્થળે પહોંચી જાઓ, જ્યાં ચોમેર હરિયાળી નજરે પડે છે. જમીન ઉપર ચત્તા સૂઈ જાઓ. શરીરને ખૂબ જ આરામદાયક સ્થિતિમાં મૂકી દો. કોઈ અવયવમાં અકડન, તાણ ન જોઈએ. પછી એવી કલ્પના કરો કે તમારા શરીરના દેખાવ જેવું જ એક સૂક્ષ્મ – શરીર છે જે તમારું જ છે. તે ઊઠીને બેઠું

થાય છે, ઊભું થાય છે. તેને વજન નથી. તે અવકાશવીર અવકાશમાં તરતો હોય તેમ તરવા માંડે છે. તમારું સૂક્ષ્મ શરીર તમારા સ્થૂળ શરીરને ઉપરથી જોતું હોય છે. મનમાં ભાવ લાવો, અરે ! હું તો મારા શરીરથી જુદો થઇ શકું છું. મારું ભૌતિક શરીર નીચે નિશ્ચેષ્ઠ પડેલ છે અને હું તો ઉપર અવકાશમાં સ્થિર છું.

આ તબક્કા પછી એવો ભાવ લાવો- એ મારું સ્થૂળ શરીર ત્યાગેલું હોવાથી દિવ્યશક્તિઓને ગ્રહણ કરવાની મારી ક્ષમતાઓ અનંતગણી વિકસી ગઇ છે. હવે ભૌતિક-શરીરનો અવરોધ જ રહ્યો નથી અને હું તો સૂક્ષ્મશરીર દ્વારા દિવ્ય-શક્તિઓને સહજ રીતે ધારણ કરી રહ્યો છું. તમારા સૂક્ષ્મ શરીરની ઉપરના પ્રદેશનાં અવકાશમાંથી સુવર્ણમય પ્રકાશ સ્વરૂપ દિવ્ય-શક્તિને તમે પોતાના સૂક્ષ્મ શરીરમાં સંકલ્પ અને અભીપ્સાની બળે ખેંચી રહ્યાં છો તે પ્રકાશસ્વરૂપ દિવ્યશક્તિ તમારા શરીરમાં ભેગી થઈ રહી છે. તમારું શરીર વધારે ને વધારે સુવર્ણમય તેજથી ઊભરાઇ રહ્યું છે. હવે તેમાં જાણે સમાવાની ક્ષમતા જ રહી નથી. તે છલકાઇ રહ્યું છે. પછી તમે સંકલ્પબળે તે સુવર્ણમય દિવ્યશક્તિને નીચે ભૌતિકશરીર તરફ ધકેલી રહ્યાં છો. તમે પોતે તો અંતરિક્ષમાં જ અડગ રીતે સ્થિર છો. તમારું સ્થૂળ શરીર ધીમે ધીમે તે પ્રકાશને સ્વીકારી રહ્યું છે અને ઓતપ્રોત થઇ રહ્યું છે. તે પ્રકાશ ઠેઠ કોષોમાં જઇને સ્થિર થઇ રહ્યો છે અને સમગ્ર ભૌતિક શરીર ફરતે એક સુવર્ણમય આભામંડળ તૈયાર થઈ ગયું છે.

પછી ધીમે ધીમે તમારું સૂક્ષ્મ સુવર્ણમય શરીર નીચે ઊતરી જેવી રીતે બહાર નીકળેલું તેના ઊલટા ક્રમે શરીરમાં સહેજ રીતે દાખલ થઇ જાય છે. તમે ભૌતિક શરીરમાં જાગૃત થાઓ છો, પણ સ્વસ્થ પડ્યા રહો છો. તમારા શરીરમાં સંવાદમયતાનાં સંવેદનો જાગી ગયા હોય છે. તે નિરામયતાનો અનુભવ કરતું હોય છે. હવે ભૌતિક શરીર પણ ગ્રહણશીલ બની જાય છે.

આ બાહ્ય પદ્ધતિમાં સમગ્ર પ્રયોગ દરમિયાન તમને કોઇ ખલેલ ન પહોંચાડે તેની ખાસ કાળજી લેવાની છે. રૂમમાં પોતાને પૂરીને આ પ્રયોગ કરવો વધારે હિતાવહ છે અથવા રાત્રે બિછાનામાં કરવો હિતાવહ છે.

## સુંદર કથાઓ

- માતાજી

સમજૂતી - માનસિંહ ચાવડા

# મદદગાર બનો

(પૃ.૧૪૭-૧૪૮)

પ્રખ્યાત સંગીતકારોનો સંગીત મહોત્સવ ચાલી રહ્યો હતો. દેશ-વિદેશના સંગીતકારો પોતાનું કૌશલ્ય બતાડવા થનગની રહ્યાં હતાં. એક મહાન સ્ત્રી સંગીતકાર પણ તેમાં હાજર હતી. તે મહોત્સવમાં એક બાળકીએ પણ ભાગ લીધો હતો. તેનો વારો આવ્યો. તે મંચ ઉપર જઈને બેસી. માઈકમાં બોલી : ''મારે એક યુગલગીત ગાવું છે પણ તેમાં મને કોઈ સાથી મળતો નથી, કારણ હું નાની છું, તેથી નાઈલાજે મને બીજું એક ગીત ગાવું પડી રહ્યું છે, શું કોઈ મને સાથ નહિ આપો ?''

તે અપેક્ષાથી શ્રોતૃવંદ તરફ જોઈ રહી પણ બધા જ મહાન સંગીતકારોને તે નાનકડી છોકરી સાથે ગાવું એ અપમાનાસ્પદ લાગ્યું.

''જેવી પ્રભુની ઈચ્છા !'' બાળકી હતાશ થઈ બોલી.

''થોભ બેટા, હું તને સાથ આપીશ.''

પેલી સ્ત્રી સંગીતકાર બોલી અને મંચ તરફ જવા લાગી.

લોકો ગણગણવા લાગ્યા : ''આ બાળકીના ગીતનું ન ઠેકાણું ન રિયાઝ, આ બેન તો આબરુ ખોવા બેઠાં છે.''

પણ બેન મંચ ઉપર ગયા. તેનું ગીત જોઈ લીધું. કોણે કઈ લીટી ગાવાની તે નક્કી કરી લીધું અને બાળકીના માથે હાથ મૂકીને બોલ્યા, ''ગા બેટા, મને વિશ્વાસ છે તું સુંદર ગાઈશ.''

યુગલ ગીત શરૂ થયું, બાળકીનો મધુર સ્પષ્ટ અવાજ ગુંજવા લાગ્યો. પેલી સ્ત્રીના અવાજે તો તેમાં જાણે અમૃત ઢાળ્યું !

લોકો સ્તબ્ધ બની ગયા ! 'આવા આલાપો તો અનુભવી ગાયક પણ ન કાઢી શકે !'' બધા ગણગણી ઊઠ્યાં.

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## વ્યવહારુ સમસ્યાનો વ્યવહારુ ઉકેલ

પ્રકરણ - ૨૦ (Lights for students - P. 113-121)

### પ્રગતિનો માર્ગ કયો છે ?

૧ **પ્રગતિના ત્રણ માર્ગો છે : (૧) પોતાની ચેતનાને વિશાળ કરો (૨) જે જાણો છો તેને સમગ્રતાથી જાણવાનો પ્રયત્ન કરો (૩) પ્રભુને શોધી તેને સમર્પિત બનો અને તેની ઈચ્છાને આધિન રહો.**

આનો અર્થ આ મન, પ્રાણ, શરીરરૂપી સાધનોની વધુમાં વધુ શક્યતાઓ અને ક્ષમતાઓને વિકસાવો. આ સાધનને સતત વધારે ને વધારે પૂર્ણ કરતા જાઓ. આ સાધનમાં પ્રભુ પ્રત્યેની ગ્રહણશીલતા અને આજ્ઞાધારકતા વધારતા જાઓ. આ માટે જે પ્રભુ પ્રત્યેના સમર્પણમાં અવરોધરૂપ હોય તેને ત્યાગીને વધારે શુદ્ધ બનો. જીવનના દરેક નિર્ણયમાં પ્રભુની પ્રેરણા મેળવો. પૃ. ૧૧૩

૨ **જન્મદિનનું મહત્ત્વ શું ? તેનો સાચો અને પૂર્ણ ઉપયોગ કેવી રીતે કરી શકાય ?**

જન્મદિવસે વ્યક્તિ વધારે ભાવુક અને ગ્રહણશીલ બની જાય છે. તેથી તે દિવસે સારા નિર્ણયો અને પ્રગતિનો માર્ગ નિશ્ચિત કરી સર્વાંગી પ્રગતિ માટેની શરૂઆત કરવી હિતાવહ છે. પૃ. ૧૧૪

૩ **પોતાની વસ્તુઓને કેવી રીતે સાચવવી ?**

પોતે વાપરતી વસ્તુઓની દરકાર ન કરવી એ અચેતનતા અને અજ્ઞાનનું લક્ષણ છે. જો તમે તેની કાળજી ન લઈ શકો તો તે વાપરવાનો તમને હક્ક નથી. તમને તેની ગરજ છે અથવા તમને આસક્તિ છે તે માટે નહિ પણ તેઓ દ્વારા દિવ્ય-ચેતના પ્રગટ થતી હોય છે માટે. પૃ. ૧૧૪

૪ **જમતી પહેલાં કઈ પ્રાર્થના કરવી જોઈએ ?**

જમતી પહેલાં શાંત થઈ પ્રભુને સાચા દિલથી પ્રાર્થના કરો કે - ''હે પ્રભુ, આ આહાર દ્વારા મારા શરીરને જરૂરી પોષક દ્રવ્યો મળે, જેથી પ્રભુની શોધના મારા યત્નોને તે એક મજબૂત આધાર બની રહે. તે પોષક દ્રવ્યોમાંથી મને એવી

શક્તિ અને સ્ફૂર્તિ મળે જે મારા પ્રયત્નોને સતત અને અથાક બનાવી દે.'' પૃ.૧૧૪

**૫ સૂતાં પહેલાં કઇ પ્રાર્થના કરવી જરૂરી છે ?**

સૂતાં પહેલાં શાંત થઇ જાઓ અને પ્રભુને સાચા દિલથી પ્રાર્થના કરો કે - ''હે પ્રભુ, આ ઊંઘ દ્વારા મારી થાકેલી ચેતાનાડીઓ મારા મગજને શાંતિ અને સ્વસ્થતા આપે, જેથી ઊઠ્યા બાદ હું મારો પ્રગતિનો પ્રવાસ વધારે પ્રસન્નતા અને શક્તિસભર બની અનુસરું અને પ્રભુની શોધને આગળ વધારું. પૃ.૧૧૫

**૬ બોલતાં પહેલાં શું કરવું જોઇએ ?**

બોલતાં શબ્દો મુખમાંથી બહાર પ્રગટ થાય તે પહેલાં તમે શાંત થઇ પ્રભુને પ્રાર્થના કરો, ''હે પ્રભુ, મારી દ્વારા એ જ શબ્દો બોલાય જે જરૂરી છે. ખોટી ઉગ્રતા, ડંફાસ કે ટીકા તેમાં રહે નહીં. મારી તારા શોધના પ્રયાસમાં તે શબ્દો મનમાં અવરોધરૂપ અશાંતિ કે ઉદ્વેગ નિર્માણ કરનારા ન બનો તે શબ્દો તારા કાર્યના અનુરૂપ માધ્યમ બની રહો. પૃ.૧૧૫

**૭ ચિત્તશુદ્ધિ માટે મારે શું કરવું ?**

તે માટે નીચેના પ્રયત્નો કરવા જરૂરી છે :

(૧) પોતાની મહત્ત્વાકાંક્ષાને સ્થાને મારે આ કાર્ય સારામાં સારી રીતે કરવું છે તે નિષ્ઠાને મૂકો (મહત્ત્વાકાંક્ષા સાચા - ખોટા બધાં સાધનો વાપરે છે. કાર્યની પૂર્ણતા સાધન શુચી માંગે છે)

(૨) યશની લાલસાને સ્થાને પોતાની ચેતનાના વિકાસની તમન્નાને મૂકો (યશ સાચાખોટા માર્ગે પણ મેળવાય છે, જ્યારે પ્રગતિ માટે સાચો માર્ગ જ લેવો પડે છે)

(૩) પરિણામની ઉત્સુકતાને સ્થાને પૂર્ણતાની અભીપ્સાને મુકો (ઉત્સુકતા અપયશ મળતાં જ અવસાદ લાવે છે. પૂર્ણતામાં અપયશ પોતાની ઊણપો શોધીને ફરી પ્રયત્ન કરાવે છે)

૪ સારા ઉચ્ચ જીવન માટે શરીરની નિરામયતા અને પૂર્ણતા જરૂરી છે. જરૂરી શારીરિક શિક્ષણ અને વ્યાયામથી શરીર સભાન, નિયંત્રિત, શિસ્તબદ્ધ અને પૂર્ણ સ્વામીત્વવાળું બને છે. આ ઉપરાંત આ બધું સમજો તેને જીવનમાં ઉતારો અને એક ખેલદિલ વ્યક્તિ બનો. પૃ.૧૧૫

**૮ ક્રોધને કેવી રીતે નાથવો ?**

અપમાન કે ક્રૂર મશ્કરીનાં આંદોલનો મગજમાં પ્રવેશતા હોય ત્યારે તમે પોતાને

સંયમિત કરો. મગજને તદ્દન ઉશ્કેરાટ વગરનું શાંત, સ્થિર અને અડગ કરી નાખો. તમારી શાંતિ તમને શક્તિ આપશે અને તમારી સ્થિરતા સામાવાળાની શક્તિ હણી લેશે. આવા પરિણામો તાત્કાલિક આવે છે.

અચળતામાં અગાધ શક્તિ રહેલી છે. આ દૈનિક જીવનમાં રોજબરોજ દેખાતી ઘટના છે. ફક્ત આધ્યાત્મિક જીવનમાંની જ ઘટના નથી. આવી અવિચળતા ત્રણ પ્રકારની હોય છે. માનસિક સ્થિરતા, ચેતાનાડીઓની અક્ષુબ્ધતા અને શરીરની સ્થિરતા, ત્રણે મળીને સમગ્ર અવિચળતા રચાય છે.

આવી સમગ્ર અવિચળતા હોય તો સામેવાળાની શક્તિઓ આપણી અવિચળતાને ટકરાઇને સામેવાળા ઉપર પ્રતિ હુમલો કરે છે અને તેની શક્તિઓને હણી લે છે. પૃ.૧૧૬

**૯ શાંતિ અને સ્વસ્થતા કેવી રીતે મેળવવી ?**

જે સમર્થ છે તેને જ શાંતિ અને સ્વસ્થતા મળે છે, કારણ તેને કોઇ પણ સમસ્યાને પહોંચી વળવાનો આત્મવિશ્વાસ હોય છે.

હિંસક પ્રાણીઓ પણ પોતાની શક્તિનો ઉપયોગ કરતાં પહેલાં સ્થિર અને શાંત થઇ જાય છે. તેઓ તે વખતે પોતાની શક્તિને પોતાના એક જ હેતુ માટે એકાગ્ર કરવાનો પ્રયત્ન કરતા હોય છે. શાંતિમાં જ શક્તિને એકાગ્ર કરી શકાય છે. પૃ.૧૧૬ (ક્રમશઃ)

---

(પૃ. ૩૫ ઉપરથી)

## આત્મસિદ્ધિ

જકડાએલું ન રહે માટે જ મનની પેલેપારનાં અતિમનસમાં આરોહણ કરવાનો આગ્રહ હોય છે. હવે વિચાર, ભાવના, કર્મ, મન, પ્રાણ, શરીરમાંથી ઉત્પન્ન ન થતાં અતિમનસમાંથી જન્મે છે અને ફક્ત મન, પ્રાણ, શરીર દ્વારા બહાર આવિર્ભાવ પામે છે, પ્રકટ થાય છે. આધ્યાત્મિક જીવનમાં જ બધું પ્રતિષ્ઠિત, સ્થાપિત હોય છે. પાર્થિવ જીવન પાછળ રહેલ અપાર્થિવ-જીવનનો સ્વીકાર કરવામાં આવે છે. પૂર્ણયોગમાં પ્રભુ સાથેની એકરૂપતા પ્રાપ્ત કરવી આવશ્યક ગણી છે, જેથી માનવમાંના બધાં કાર્યો પ્રભુમાંથી જ નિર્માણ થાય. વાસ્તવિકતા પણ એ જ છે. આવી રીતે માનવનાં બધાં કરણો પ્રભુમાંથી આવતી પ્રેરણાઓને અનુભવી શકે છે. પ્રભુનું સંચાલન જાણી શકે છે. આવી રીતે પૂર્ણયોગનો આદર્શ સર્વ સમાવેશક છે. સીમિત વસ્તુઓ પણ અસીમ તત્ત્વના આવિર્ભાવ - કેન્દ્રો બની જાય છે. (ક્રમશઃ)

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

**Aphorisms**

(માતૃવાણી ભા-૧૦, પૃ.૫૦-૫૫) - પ્રકરણ-૧૯

## પ્રભુપ્રેમ સમજવો મુશ્કેલ છે

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**હું જ્યારે બીજા માણસોને દુઃખી થતાં જોઉં છું ત્યારે મને થાય છે કે હું કમનસીબ છું, પણ જે જ્ઞાન મારી પાસે નથી તેને તો જે શુભ વસ્તુ આવી રહેલી છે તે દેખાય છે અને તે સંમતિ આપે છે. (૨૩)**

''માતાજી, શ્રી અરવિન્દ અહીં કયું જ્ઞાન નથી એમ જણાવે છે?''

''પ્રભુનું જ્ઞાન ત્રિકાળનું હોય છે. તે અખિલ જગતમાં જે પ્રક્રિયા ચાલી રહી છે તેને સમગ્રતાથી જોઇ શકે છે અર્થાત્ ઘટના અને તેના પરિણામો સાથે જોઇ શકે છે. પ્રભુને પ્રગટ કરવા પ્રકૃતિ અનેકવિધ પ્રકારનાં કાર્યો કરી રહી છે. તે બધાં કાર્યોનું અંતિમ શુભ પરિણામ પ્રભુના આવિર્ભાવ સ્વરૂપે જ મળવાનું છે. આ જ છે 'આવી રહેલું શુભ' તેના પ્રત્યે દરેક વસ્તુ આડાઅવળે માર્ગે પણ જઇ રહી છે..... તે ધીમે ધીમે સાચા માર્ગ તરફ વળી રહી છે. તેનું પ્રભુને જ્ઞાન છે તેથી તેમાં તેમની સંમતિ હોય છે. આ જે સમગ્રતાનું જ્ઞાન છે તે શ્રી અરવિન્દને પોતાને નથી એવું તે જણાવે છે.

આપણું જ્ઞાન તો અધૂરું છે. તેમાં લાંબી સમજણ નથી, સમગ્રતા તો જરાપણ નથી. તેથી પ્રભુ જે આપણને સાચા માર્ગે પરાણે ધકેલે છે તે આપણને દુઃખરૂપ લાગે છે.

તેથી જે સ્થિતિ નિર્માણ થઇ હોય તેને સ્વીકારવી અને તેમાં સાચી ચેતનામાં રહેવાનો પ્રયત્ન કરવો. એમ કરવાથી આપણે અજાણતા જ પ્રભુને સહકાર આપતા થઇએ છીએ અને ત્યારે પેલી દુઃખદ સ્થિતિ આપણને દુઃખરૂપ લાગતી નથી. તેમાં પણ પ્રભુનો ગુપ્ત હસ્ત આપણને સાચવતો નજરે પડે છે.

ઘણી વખત દુર્ભાગ્યથી બચી ગયા એટલે આપણે પ્રભુનો પાડ માનીએ છીએ પણ શક્યતા એ છે કે તે દુર્ભાગ્યમાં જે સપડાયા તેમને સાચો રાહ મળવાની શક્યતા વધારે હોય છે. જ્યારે જે બચી ગયા હોય તેમને ઓછી હોય છે. સાચો રાહ મળવો એ

મહત્ત્વનું છે. તે કેવી રીતે મળે છે તે વસ્તુ ગૌણ છે. શ્રી અરવિન્દ પોતાના ૨૪માં વિચાર-સૂત્રમાં આ વાત તરફ ઈશારો કરતા દેખાય છે.

**"એક ગુનેગારને ફાંસીએ ચડાવવા માટે લઈ જવામાં આવતો હતો, ત્યારે સરફિલિપ સિડનીએ કહેલું, "પ્રભુની કૃપા ન હોત તો સર ફિલિપ આમ જ જતા હોત" એમનામાં જો વધુ જ્ઞાન હોત તો તેમણે એમ કહ્યું હોત "પ્રભુની કૃપા હોત તો સર ફિલિપ સિડની આમ જતા હોત"**

આ વાક્ય બાયબલનાં એક વિચાર સાથે જાણે સહમત છે. તેમાં જણાવેલ છે કે દુઃખીયારાઓ પ્રભુની વધારે પાસે હોય છે.

આ વાક્ય Sadism અર્થાત્ સ્વપીડનવાદને પોષવા માટે નથી એ ધ્યાનમાં રાખવું જોઈએ. સ્વપીડનવાદમાં લોકો પોતાને જ પીડા આપવામાં આનંદ લે છે. એમ સમજીને કે તેમના પાપ વધારે કપાઈ રહ્યાં છે.

આ ગેરસમજ દૂર કરવા શ્રી અરવિન્દ પોતાનું વિચારસૂત્ર ૨૫મું આપે છે :

**પ્રભુ તો મહાક્રૂર જુલમગાર છે, કેમ કે એ પ્રેમસ્વરૂપ છે. તમને આ વસ્તુ સમજાતી નથી કારણ કે તમે કૃષ્ણને જોયા નથી અને તેમની સાથે રમ્યા નથી (૨૫)**
લોકોને પ્રભુ મહાક્રૂર અને જુલમગાર લાગે છે કારણ તેણે આ જગત રચ્યું છે જે ક્રૂર અને જુલમગાર છે. જગતનું દુઃખ જોઈ તે પાષાણહૃદયી પ્રભુને કોઈ દયા કે કરુણા જાણે આવતી જ નથી. તે તો માણસોને પીસ્યે જ જાય છે. પણ જેણે અધ્યાત્મમાં પ્રવેશ કરેલો છે અને સાચી સમજણ કેળવેલ છે તે સમજે છે કે પ્રભુ જ જગતરૂપે પ્રગટ થયા છે. તેમણે જ પોતાના સ્વરૂપોને દુઃખ અને યાતનાની ભઠ્ઠીમાં જોખી દીધાં છે અને તેમનાં દુઃખ તે પોતે જ તેમની સાથે વેઠી રહ્યો છે.

આપણને જે અધ્યાત્મનો સાદ સંભળાય છે તે કૃષ્ણનો સાદ હોય છે. તે જ આપણને આકર્ષીને ધીમે ધીમે અધ્યાત્મ તરફ વાળે છે, ખેંચે છે. તેથી જ તેમને કૃષ્ણ કહે છે - 'કર્ષતિ ઈતિ કૃષ્ણઃ' તે આપણી સાથે જ દુઃખો સહીને આપણને સાચા માર્ગે દોરે છે, તો શું તે આપણો સાચો પ્રેમ નથી પ્રેમી જ પોતાના પ્રિયપાત્ર માટે દુઃખો ખમવા તૈયાર થાય છે. તેની રમતો આપણને સમજાતી નથી કારણ આપણી દૃષ્ટિ જ ટૂંકી છે. તેથી આ વચગાળાની સ્થિતિ પાર કર્યા પછી એવો તબક્કો આવવાનો છે જેમાં આવા દુઃખોની જરૂર નહિ રહે. મૂર્તિને ઘડામણના એક તબક્કામાંથી પસાર થવું પડે છે. જ્યારે તેને હરક્ષણે ટાંકણાના ઘા સહેવા પડે છે. પણ મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થયા પછી તેવો કાળ ફરી આવતો નથી. તેવું જ ઉત્ક્રાંતિના આ તબક્કામાં દુઃખ-યાતના જરૂરી છે માટે છે. ભવિષ્યમાં તેમની જરૂર નહિ રહે તે પણ નિશ્ચિત છે.

ઘણી વખત ઉત્ક્રાંતિની સ્થગતિતા તોડવા પ્રભુને સર્વનાશક કાળનું રૂપ લેવું પડે છે (કાલોસ્મિ લોક ક્ષયકૃત્ પ્રવૃદ્ધોઃ - ગીતા) પણ તે તે ખાસ તબક્કાની જરૂરિયાત હતી તે માટે જ તેમણે તેવું રૂપ લીધેલું. આ જ વાત શ્રી અરવિન્દ પોતાના સૂત્ર ૨૬માં જણાવે છે.

**''કોઈએ નેપોલિયનને જુલુમગાર અને ગળાં રહેંસનાર શહેનશાહ તરીકે વર્ણવ્યો છે, પરંતુ મને તો એનામાં આખા યુરોપ પર ફરી વળતાં શસ્ત્રધારી પ્રભુનાં દર્શન થયાં (૨૬)**

પ્રભુને જાણે ઉત્ક્રાંતિને ઝડપથી આગળ વધારવાની તાલાવેલી લાગી છે જૂની જ વસ્તુઓ નવાને સ્થાન આપવા રાજી નથી, તેથી જ આ વિનાશ સર્જાઈ રહ્યો છે.

''માતાજી, અતિમનસ શક્તિ અવતરણ પામી ચૂકી છે તો પણ યુદ્ધોની આ તમોગ્રસ્તતા હઠાવવા જરૂરિયાત રહેશે?''

''બેટા, રાષ્ટ્રો તે શક્તિ પ્રત્યે કેટલા ખુલ્લા થાય છે, તેમનામાં કેટલી ગ્રહણક્ષમતા છે તેની ઉપર બધો આધાર રહેવાનો છે. જો તે અતિમનસના પ્રભાવ નીચે પોતામાં બદલાવ લાવશે તો યુદ્ધની જરૂર નહિ રહે પણ જો તે ન લાવી શકે તો જરૂરિયાત નિર્માણ થશે. માનવ-ચેતના જેટલી વધારે તમોગ્રસ્ત રહેશે તેટલો યુદ્ધનો ભય વધારે રહેવાનો છે. સ્વૈચ્છિક સમજપૂર્વકનો બદલ એ જ યુદ્ધ ટાળવાનો સાચો માર્ગ છે.

પ્રભુની કૃપા આવી કટોકટીમાં કેવી ભૂમિકા લેશે તે બાબતમાં આપણે કાંઈ જાણતા નથી, પણ તે આગળ આવી માનવ-જાતને બચાવી લેશે એવી ધારણા છે.

---

(પૃ. ૨૦ ઉપરથી)

## વેદવિજ્ઞાન

સરણ્યુનું છાયારૂપ. તેણે જે સ્વરૂપો રચ્યાં તે શનિ અને મનુ. મનુ દિવ્ય અદિવ્ય-શક્તિઓનો શંભુમેળો છે. પરા અને અપરા બન્ને પ્રકૃતિ ધરાવે છે. શનિ આ જ્યોતિષમાં પાપગ્રહ ગણ્યો છે પણ તે પનોતિમાં માણસને કર્મક્ષય કરાવી શુદ્ધ કરે છે. 'પુનોતિ' એટલે પવિત્ર કરવું. તે ઉપરથી પનોતિ શબ્દ આવ્યો છે.

સૌર-શક્તિનું રૂપાંતર વૈશ્વિક-શક્તિમાં થઈ જાય છે. તે જ સરણ્યુનું ઘોડીનું રૂપ લેવું. ઘોડો એ શક્તિનું પ્રતીક ગણ્યું છે. તે શક્તિ વિભાજીત થતી જાય છે અને તેમાંથી જ પ્રાણ અને અપાન બે શક્તિઓ પ્રગટ થાય છે તે જ અશ્વિનીકુમારો. પ્રાણ ૠણવિદ્યુત છે. અપાન ધનવિદ્યુત એક ઈલેકટ્રોન્સ સર્જે છે. બીજો પ્રોટોન્સ. આ સમગ્ર વિશ્વ-રચનાની પ્રક્રિયાનો જ ઉલ્લેખ આ આખ્યાન દ્વારા કરેલો છે.

# ચંપકલાલ - શ્રી માતાજીના વાહક

- હર્ષદ ઠકરાર

શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના પૂર્ણયોગના સાધકોને શ્રી ચંપકલાલનો પરિચય આપવો તે સૂર્યને મશાલ દ્વારા જોવા સમાન છે. શ્રી ચંપકલાલને શ્રી માતાજીએ "My Lion" 'મારો સિંહ'નું બિરુદ આપ્યું છે. જે પ્રમાણે મા દુર્ગાનું વાહન સિંહ છે તે પ્રમાણે શ્રી ચંપકલાલે શ્રી માતાજીની ચેતનાના વાહકરૂપ બની સાધકો સુધી શ્રી માતાજીની ચેતના પહોંચાડી છે.

જે પ્રમાણે પાવર હાઉસમાં ઉત્પન્ન થતી વીજળી કન્ડકટર દ્વારા માનવના વપરાશના સ્થળ સુધી પહોંચતી હોય છે, તે પ્રમાણે સાધકોના હૃદય અને શ્રી અરવિન્દના કેન્દ્રોમાં શ્રી માતાજીની ચેતના શ્રી ચંપકલાલરૂપી કન્ડકટર દ્વારા પહોંચી છે. શ્રી માતાજીએ જણાવ્યું છે તે મુજબ આ યોગમાં વચેટીયાની જરૂર નથી. તે પ્રમાણે શ્રી ચંપકલાલ સાધકો અને શ્રી માતાજી વચ્ચે વચેટીયા ન હતા, પરંતુ શ્રી માતાજી અને સાધકોને જોડતા સેતુરૂપ માધ્યમ હતા.

શ્રી ચંપકલાલે માધ્યમરૂપે અનેક સાધકો અને શ્રી અરવિન્દના કેન્દ્રોમાં શ્રી માતાજીની પરમ ચેતનાને સ્થાપી આપી કેન્દ્રનાં આધ્યાત્મિક વિકાસમાં સિંહફાળો આપેલ છે, જેને સાધકો તેમના હૃદયની અંદર ચેતનાના અસ્ખલિત પ્રવાહ રૂપે અનુભવે છે.

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટની સ્થાપના શ્રી ચંપકલાલના વરદ હસ્તે થયેલી છે. કેન્દ્રનું નામકરણ શ્રી ચંપકલાલે શ્રી અરવિન્દના ખંડમાં કરેલ છે. મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્રમાં જ્યારે શ્રી અરવિન્દના દિવ્યાંશની સ્થાપનાનો પ્રસંગ હતો ત્યારે શ્રી અરવિન્દના દિવ્યાંશની સાથે જંત્રાલથી આવેલ કેન્દ્રના સાધકો શ્રી ચંપકલાલના અસ્થિકુંભ સાથે પ્રવેશ કરે છે. આ પ્રમાણે મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્રની પ્રગતિમાં શ્રી ચંપકલાલ વાહકરૂપ બની રહ્યા છે.

શ્રી ચંપકલાલે તેમના પાર્થિવ દેહનો ત્યાગ તા.૯ મે ૧૯૯૨ના રોજ કર્યો છે. શ્રી ચંપકલાલને સાચા અર્થમાં શ્રદ્ધાંજલી આપવાની હોય તો તેમના પ્રત્યે ફક્ત અહોભાવ દર્શાવીને જ આપવાની ન હોય, પરંતુ તેમના જીવનનું અનુકરણ કરી તેમને અનુસરીને આપવાની હોય છે.

શ્રી ચંપકલાલના જીવન દ્વારા સાધકોને રોજ બરોજની જીંદગી અને આધ્યાત્મિક

માર્ગની જીંદગીનો સ્પષ્ટ તફાવત પ્રાપ્ત થાય છે. જે આપણે શ્રી ચંપકલાલના શબ્દોમાં અનુભવીએ.

I was once narrating to the Mother something that had happened, taking care to be as exact as possible, avoiding all exaggeration. Suddenly she became serious and with a soft smile said: Champaklal, don't boast.

C: Mother, I am not boasting. I am telling you just what happened.

Mother remained quiet.

C: Mother, where is boasting in that ?

Still she kept quiet.

At that time I did not understand. Several years later, however, by her Grace. I realised that it was boasting. Many will not agree. In the ordinary life most would not consider this as boasting. Butin my view, it is different in spiritual life. And indeed, very very few are free from this type of boasting.

- Champaklal

એક વખત હું માતાજીને જે કંઈક બની ગયું હતું તેનું વર્ણન અતિશયોક્તિ ટાળીને, ચોક્કસ હકીકત કહેવાના શક્ય તેટલા બધા જ પ્રયત્નો કરી રહ્યો હતો. એક પ્રકારના મૃદુ સ્મિત સહ એઓ એકાએક ગંભીર બની ગયાં અને કહ્યું : 'ચંપકલાલ, બડાઈ ન હાંકો.'

ચંપકલાલ : 'માતાજી, હું બડાઈ હાંકતો નથી. હું તો માત્ર જે કંઇ બની ગયું તે જ તમને કહી રહ્યો છું.'

માતાજી શાન્ત બની રહ્યાં.

ચંપકલાલ : 'માતાજી, એમાં બડાઇની વાત કયાં આવી ?'

હજી પણ એઓ શાંત જ રહ્યાં.

તે વખતે તો હું એ નહોતો સમજ્યો, ગમે તેમ, ઘણાં વર્ષો બાદ, એમની કૃપાથી હું ન સમજી શક્યો કે એ બડાઇ જ હતી. શરૂઆત સુંદર હતી પણ પાછળથી કંઈક સ્વપ્રશંસા ભળી ગઇ હશે, શક્ય છે. ઘણા લોકો સંમત નહિ થાય. સામાન્ય પ્રકારના રોજબરોજના જીવનમાં તો એ વાતને કોઇ બડાઇ નહિ કહે. પરંતુ મારી

(પૃ. ૨૯ ઉપર)

# નવા કેન્દ્રો

(શ્રી પ્રો. ભારતસિંહ ઝાલાના પત્રાનુસાર)

*** શ્રી અરવિન્દ કેન્દ્ર**
C/o. ડૉ. ડી.બી.વડગામા
ફોન : ૦૭૯ - ૨૨૭૮૨૬૭૯
૨ બી, અંજના સોસા.,
ઈન્ડીયા કોલોની પાસે, બસ સ્ટોપ સામે,
બાપુનગર, અમદાવાદ

*** શ્રી અરવિન્દ કેન્દ્ર**
C/o. કુ. ડૉ.પ્રો.કૈલાસબેન ઉપાધ્યાય
મો. : ૯૯૨૫૩૯૫૨૦૭
૨, પંચવટી સોસાયટી,
કોલ્કી રોડ, ઉપલેટા - ૩૬૦૪૯૦

*** શ્રી અરવિન્દ કેન્દ્ર**
C/o. શ્રીમતિ કલાબેન આર. સોરઠીયા
ઠે. ઢસા જંકશન,
ઢસા. જીલ્લો ભાવનગર
ફોન : ૦૨૮૪૭ ૨૩૩૮૮૦

*** શ્રી અરવિન્દ કેન્દ્ર**
C/o. શ્રી રાજેન્દ્રસિંહ વાઘેલા
મુ.પો. મોડાસર, વાયા - સાણંદ
તાલુકો : બાવળા, જી. અમદાવાદ
મો. : ૯૯૦૯૧૮૨૯૦૬

*** શ્રી અરવિન્દ કેન્દ્ર**
C/o. શ્રી ગજાનન યુ. શુક્લા
૨૪, સત્સંગ વિહાર સોસાયટી,
સ્વામી નારાયણ મંદિર પાછળ,
ઝાડેશ્વર, તા. ભરૂચ - ૩૯૨૦૧૨

*** શ્રી અરવિન્દ કેન્દ્ર**
C/o. શ્રીકાંતભાઇ
પાંચ પીપળા શેરી, અંબાજી મંદિર પાસે,
રાંદેર - સુરત : ૩૯૫૦૦૫
ફોન : ૦૨૬૧ - ૨૭૬૬૪૭૯

*** શ્રી અરવિન્દ કેન્દ્ર**
C/o. શ્રી ધીરૂભાઇ બી. વડગામા
૨૯, વલ્લભનગર સોસા.
વરાછા રોડ, સુરત - ૩૯૫૦૦૬
મો. : ૯૯૨૪૫ ૩૮૫૨૧

*** શ્રી અરવિન્દ કેન્દ્ર**
C/o. એડ. શ્રી બિપીનભાઇ મકવાણા
૧૯, અમૃત કુંજ સોસા.
રેલ્વે પૂર્વ - કલોલ - ૩૮૨૭૨૧
જી. અમદાવાદ
મો. ૯૮૨૫૯૨૮૩૪૬

*** શ્રી અરવિન્દ કેન્દ્ર**
C/o. ડૉ. મહેશભાઇ મહેતા
નાના સુરકા, તા. સોનગઢ
જીલ્લો - ભાવનગર
ફોન : ૦૨૮૪૬ - ૨૮૧૩૭૦

*** શ્રી અરવિન્દ કેન્દ્ર**
C/o. શ્રી મનુભાઇ પરમાર
૬, ઓઢવ, કૃષ્ણકુંજ સોસાયટી,
રૂદ્રાશ કોમ્પ્લેક્ષની બાજુમાં,
ઓઢવ રોડ, અમદાવાદ - ૩૮૨૪૧૫
મો. : ૯૯૦૯૦૧૩૫૯૪

## શ્રી પ્રો. ભારતસિંહ ઝાલાની અપીલ

આપણે બધા સક્રિય થઈએ તો ૨૦૧૪ શ્રી માતાજીના આગમન શતાબ્દીમાં ૨૦૦ જેટલા નવા કેન્દ્રો સ્થાપી શકીએ. શ્રી માએ સ્પષ્ટ જણાવ્યું છે કે મારા બાળકો અમારો સંદેશ આગળ લઈ જશે.



# શ્રી અરવિંદ

But wisdom comes, and vision grows within;
The Nature's instrument crowns himself her king;
He feels his witnessing self conscious power;
His soul steps back and sees the Light supreme.
A Godhead stands behind the brute machine.
This truth broke in a triumph of fire.

Savitri B-1, C-2, P-20-21

## સત્યનો સાક્ષાત્કાર

ભાવાનુવાદ

આંતરપ્રેરણાથી જ્ઞાન વધે, ને આંતર-દર્શન-વણઝાર,
પ્રકૃતિ સહયોગ આપતી, સ્વીકારે તેનું રાજ.
સાક્ષી ચેતના પાર્શ્વે સ્થિર બને, ને આત્મ-શક્તિઓ સભાન બને,
મસ્તક ઉપર દર્શન ખૂલે, જ્યાં દિવ્યપ્રભા ઝળહળે.
ચેતનાનું સંચાલન કરે, પ્રભુ તણો અદ્રશ્ય હાથ,
દેખે પ્રકૃતિની યંત્રાણા, કરતી પરમના કાજ.
સત્ય આ ઝબકી ઊઠ્યું, સાવિત્રી હૃદય-મ્હાંય,
સમજણની ક્ષિતિજો વધી, સાધના અગ્રેસર થાય.

## ઓંકારેશ્વર (અમલેશ્વર)

(નર્મદા (રેવા) તટે ખંડવા પાસે વિંધ્યપર્વતમાં) મધ્યપ્રદેશ



ઓંકારનાદ ઉરે જગે, દિવ્ય-શક્તિ સક્રિય થાય,
શરીર-કોષો નિર્મળ કરી, પૂરે પ્રકાશ અપાર.
શરીરે સુવર્ણ બિંદુઓ જગે, સુવર્ણ પુરુષ કહેવાય,
અપરા પ્રકૃતિને દિવ્ય કરે, પ્રભુ સંકલ્પની જાણ સધાય.
અગસ્ત્યે શીખવી સાધના, નાદ-બ્રહ્મનો માર્ગ,
વનવાસી, પર્વતવાસીને, અન્ય જીવોને સાર્થ.
સાધનાના ત્રણ તબક્કા ગણે, નાદ બિંદુને કલા,
નાદે દિવ્યશક્તિ જાગરણ, ને બિંદુ એ કોષો બધા.
એક-એક અવયવ ગ્રસે, એ કલારૂપ ગણાય,
તેથી પણ પર રહ્યું, શુદ્ધબ્રહ્મ જણાય.
અમલનો અર્થ નિર્મળ ગણે, બને પ્રકૃતિ શુદ્ધ,
આત્મતત્ત્વ શાસન કરે, એ અમલેશ્વરનું રૂપ.
તે જ ૐકારેશ્વર તથા, અમલેશ્વર પણ તે જ,
એ મનુજ તું સમજી લે, ઘર મન આ વિવેક.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રના પ્રકાશનો**

સહજ સત્સંગ માસિક
www.aurogujarat.com > Journals & Ebooks > Sahaj Satsang
www.sriaurobindoashram.info>E-Library > Magazines > Sahaj Satsang (Gujarati)

પુસ્તકો
www.sriaurobindoashram.info>E-Library > Disciples > Mansinh Chavda

E-mail ID : sahajsatsang@gmail.com

**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper of INDIA
RNI No. 075948/23/22 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2014

DATE OF POSTING : 1st OF EVERY MONTH **- RAJKOT - RMS**